૪૯૯૭

સાહેબજી મેં આપની શેવા કરવા જન્મ લીધો છે.

દશા મેવાડા શ્રેષ્ઠ સુબોધક.

રચી પ્રસીદ્ધ કરનાર

ચુનીલાલ બાપુજી તલાટીવાળા.

મણિલાલ બકોરદાસ માસ્તર.



અમદાવાદ

"સમશેર બાહાદુર" છાપખાનામાં

"સવાઈભાઈ રાયચંદ" છાપ્યું.

સંવત ૧૯૪૮ સને ૧૮૯૨

કિંમત ૦-૬-૦

अर्पण पत्रिका

પરમ પ્રીય- શાહ છોટાલાલ પીતાંબરદાસ
તથા રા. રા ચુનીલાલ પરશોતમદાસ

મુ. પાદરા.

આપ મારા બાળ સ્નેહી અને નિતી નિપુર્ણ સર્વજ્ઞ સબંધી છો. તેમજ આ પુસ્તક લખવા આપ મને વારંવાર આગ્રહ સાથે ભલામણ કર્તા હતા. કેમકે સદર ન્યાતીના સદા. સુભેચ્છોત તરીકે આપછો. તથા આ પુસ્તક બાહાર પાડવામાં આપે ઘણી મદદ કરી છે. તો આપણી પ્રીતિમાં દિન પ્રતિદીન વધારો થવા આ લઘુ [illegible] ક [illegible]ને અર્પણ કરૂં છું તે સ્વી કાર[illegible].

હું છું.

અભી[illegible]ી.

Mr. Chunilal Bapuji Talativala.

મુ. તારાપુર.

પ્રસ્તાવના.

અહો મારા પ્રીય વણિક બંધુઓ હું મારી અલ્પબુદ્ધીના પ્રમાણમાં આપણી જ્ઞાતીના સુધારા વિશેનું લઘુ પુસ્તક આપની શેવામાં મુકું છું તે સ્વીકારશો. આજ સુધીમાં આપણી જ્ઞાતી સબંધીનું એક પણ પુસ્તક બહાર પડયું નથી. તેથી મારા ઘણા શ્રમથી તથા મારા મિત્રની ઘણી મદદથી મેં આ પુસ્તક રચ્યું છે. આપણી જ્ઞાતીલા બધુઓને નાટક ચેટકો અને કલ્પીત વારતાઓ વાંચવાનો શોખ ઘણો જણાય છે. તેથી મેં આ પુસ્તકની અંદર જૂદા જૂદા પ્રકારના સરસ રાગ મૂકી ગાયનો ગોઠવી રચી પ્રસિદ્ધમાં મુકયુ છે. વળી મારે વહેવાર સબંધીના અન્ય કામમાં રોકાવાથી આ પુસ્તકની અંદર ખોડ ખામી હોય તે મહેરબાની કરી ક્ષમા કરશો. ને જો આપને આ સબંધી કંઇ ખુલાસો જોઇતો હોય તો મને પત્ર વહેવારથી લખી મંગાવશો. તો હું જાણુતો હોઇશ તે લખી જણાવીશ. આ પુસ્તક રચવામાં મને મારા વહાલા મિત્ર મણિલાલે પોતાની પરોપકાર બુદ્ધીથી ઘણી મદદ આપી છે. તેથી હું તેમનો આભારી છું. આ પુસ્તકનો લખનાર કહે છે કે આ બનાવેલી સૃષ્ટીનો કર્તા એક હશે કે બે તે સબંધી થોડો ઘણો વિચાર કરશો. વળી આ પુસ્તકની અંદર ઘણીજ સાદી ભાષાનો વાપર કર્યો છે. કેમકે દરેક માણસને પુરેપુરી સમજણ પડે તો ધારેલો વિચાર પાર પડે.

તારાપુર.

હું છું
આપનો તાબેદાર.

સાહેબજી મને તપાસવા તસ્દી લેશો.

૪૯૯૭

दशा मेवाडा श्रेष्टसुबोधक.

શ્રી સત્યૈશ્વરાયનમઃ

ગણુપતિની સ્તુતી.

ડારી વિહારી વિધનો વર શુભ આપો,
વંદુ ગજાનન મુને નીજ દાસ થાપો;
સ્મરતો સદા સરવ અગ્રજ સીધી સ્વામી,
ગ્રંથે પ્રયાસ કરતો રહું શીશ નામી.

શાર્દુલ વિક્રીડિત છંદ.

શોભીતી મતિ આપ માત અમને શરણે પડયો સર્વદા,
જાણી દાસ દયા ધરો હિત્ર વિશે કાર્યો સરે સહુ તદા;
જો હોયે તુજ મહેર માજી મુંપરે તો તો નથી આપદા,
વંદુછું પરમેશ્વરી ભગવતી બુદ્ધી પ્રદાં શારદા.

ગ્રંથારંભ.

રાગ—શ્રી જગતપતિ.

સજ્જન સર્વને વિનતી હુ કરૂ,
સ્વજાતીને સુધારવા ઉપાય આચરૂ;
તે વિશેની ખોડખામી તે કરજ્યો મનથી દુર,
કવિ સરવને કર જોડી કહું ધ્યાને ધરો જરૂર. સજ્જન૦

પાર નથી પામ્યો પીંગળ કે અન્ય ગ્રંથ અપાર,
તાળ મેળ કે ગણુગણુવાનો નથી પામીયો પાર. સજ્જન૦

૯૨ ભલામણુ સૌ સજ્જનોને વાંચી કરો વિચાર,
સુધારાને ધ્યાને ધરજ્યો સમજી આનો સાર. સજ્જન
પ્રથમ અમારો પ્રયાસજ જાણી કોઇ માં દેશો ખોડ,
ભુલ ચુકની માફી માગે ચુનીલાલ કરજોડ. સજ્જન

ઉત્પતી ભાશણરૂપ.

અરે મારા પ્રિય સ્વજ્ઞાતીલા બંધુઓ હું આપ સર્વેના સમક્ષ મારી અલ્પ બુદ્ધિના પ્રમાણમાં આપણી જ્ઞાતીની ઉત્પતી તથા પ્રથમ અને હાલના રીવાજો આદિ જેજે બીનાઓ પ્રદર્શીત કરવાની ઇચ્છા રાખુછું તે સર્વે જનો વાંચી વાકેફગાર થઇ ધ્યાનપર લેવા તસ્દી લેશો, એવી આગ્રહ સાથે ભલામણ કરૂંછું તથા તે વિશેની ખામી ખોડ કૃપા કરી માફ કરશો એવી મારી પ્રાર્થના છે.

કેટલાએક ઇતિહાસિક દાખલાઓ ઉપરથી એમ સીદ્ધ થાય છે કે આપણી જ્ઞાતીના વણીકો પ્રથમ શ્રીમાળ દેશમાં ઉમડ નામના ગામમાં વસતા હતા ત્યાંથી આવી મેવાડમાં વસ્યા, ત્યારે મેવાડના રહીશોએ આપણું નામ ઉમડ એવું પાડયું ત્યારબાદ ત્યાં કેટલીએક મુદત વસ્યા. ત્યાર પછી કેટલાક માણસો કીયા કારણથી ત્યાંથી નીકળ્યા તે જાણવામાં નથી પરંતુ તેમાંથી ઘણા ઉમડ આવી ગુજરાતમાં મહંમદપુરી તથા અહંમદપુરીના નીવાસી થયા. એટલે દેશાચાલ પ્રમાણે આપણી આવક અહીં મેવાડમાંથી થઇ તેથી ગુજરાતના રહીશો ઉમડ સાથે મેવાડા નામ તથા અમદાવાદ અને મહેમદાવાદમાં વસ્યા તેથી અમદાવાદી અને મહેમદાવાદી બંનેનાં નામ ઉપર લખ્યા પ્રમાણે પડયાં પણ શ્રીમાળમાંથી નીકળ્યા ત્યારે એક ટુકડી દસ મા-

ણુસની ને એક વીસ માણુસની હતી તેથી તેમનાં નામ દશા અને વીશા એ પડેલાં હશે એવી મારી કલ્પના છે હવે ગુજરાતમાં આવી વસ્યા ત્યારના રીવાજે તે વખતના અમદાવાદના રહીશોએ મહેમદાવાદ ગામડું જાણી પોતાની કન્યા ગામડામાં નહીં આપતાં અમદાવાદ શહેરમાંજ આપવા લાગ્યા. ને મહેમદાવાદના રહીશોએ વિચાર કર્યો કે આપણે ગામડાના રહીશ માટે આપણે અમદાવાદ શહેરમાં કન્યા આપવી. હવે અમદાવાદની કન્યાઓ 'અમદાવાદમાંજ રહેવા લાગી ને મહેમદાવાદની કન્યા અમદાવાદમાં જવા લાગી તેથી મહેમદાવાદીનામાં કન્યાનો ટોટો પડ્યો ને આપણે કન્યા ક્યાંથી લાવવી એવો મનમાં સંકોચ થવા લાગ્યો ને દિવસે દિવસે કન્યાઓનો ટોટો વધતો ગયો તેથી મહેમદાવાદી પૈકીના કેટલાએક માણસોએ પોતાના જાતીભાઇ જે વાગડમાં રહેતા હતા તેમને દામદત્તી કન્યાઓ આણુવા માંડી એ ચાલ ઝાઝા દિવસ ટક્યો અને મહેમદાવાદીઓને રોજી સારી મળવાથી તેઓ સુખી થયા. ને અમદાવાદી અમદાવાદ શહેરમાં રહી બેઠા રહ્યા ને ઉડચા ખાધા. કેમકે તેમને ધંટી ખાંઇણીઓ રીસાવા લાગ્યાં ને તાવડી તડાકા કરવા લાગી, તેથી તેમની સ્થીતિ દિવસે દિવસે અનપાણીથી ઉતરતી થઇ માટે તેમાંના ઘણાકે અમદાવાદ છોડી ગામડે જઇ રહેવાનો શ્રેષ્ટ ઉપાય ખોળી કાઢ્યો ને ગયા તે સુખી થયા. ને ત્યાં પણ તેમની અમદાવાદીની અડક જતી રહી નહીં પણ પોતાની બાળાઓ ખુશીથી મહેમદાવાદીઓને આપવા માંડી. એ ચાલ થોડા ઘણા દિવસ ટક્યો. ત્યાર પછી કહેવત છે કે " મરતુ ઉટ મારવાડ તરફ જુએ. " તેમ ગામડાના રહીશ અમદાવાદીઓએ પાછી પોતાની કંન્યા અમદાવાદમાંજ આપવી એવો ઠરાવ કરી તેમણે અમદાવાદમાં કન્યા આપવા માંડી. ને મંદ બુદ્ધિના મહેમદાવાદી

પ્રથમથીજ તે અત્યારસુધી પોતાની કન્યાઓ અમદાવાદીને પહેરામણી સાથે આપતાં પાછા ડગ્યા નહીં. તેથી તેમનામાં દિવસે દિવસે કન્યાઓનો વિશેશ ટોટો પડવા લાગ્યો. તેની અંદર મહેમદાવાદીઓ જે વાગડીઆની કન્યા લાવતા હતા તે કંઇ કારણુસર ભાદરવે આવ્યા હતા તે દરમીઆન ભાદરવામાં અમદાવાદીને મહેમદાવાદી બંને કોઇને ઘેર ન્યાત હશે ત્યાં મળ્યા હતા. તેની અંદર વાગડીઆઓ દેશાચાલ પ્રમાણે કપડાં પહેરી ન્યાતમાં જમવા ગયા કેમકે ત્યાં જૈનીઓના પ્રસંગમાં રહેના હતા. તેમને મહેમદાવાદીના મુળ નાશક અમદાવાદીઓએ છકેલપણાથી તીરસ્કાર કર્યો માટે તે માણસો ન્યાતમાંથી જમતા ઉઠયા. તે વખતે તેમને ઘણો ક્રોધ થયો. ને નીચેનો વિચાર તુરત તેમના મનમાં પ્રવરતાયો.

રાગ ક્ષત્રીકલંકનો.

ઉઠો પોઠી કરો સાવધન, દીકરી દઇ નીચ ઠર્યારે.
આપ્યું સર્વે સભાએ માન; દીકરી દઈ નીચ ઠર્યારે.
લેતાં બેટી કર્યો સતકાર; દીકરી૦
દેતાં રોટી કર્યો તીરસ્કાર, દીકરી૦
લેવા કહેતાતા આપણુ ભાઇ, દીકરી૦
સાથે જમતાં ગયા વટલાઈ; દીકરી૦
ધીક શ્વારથનીજ સગાઈ, દીકરી૦
પહેલાં કયાં ગઇતી મોટાઇ. દીકરી૦
કર દીવો અહીને પડયા કુપ, દીકરી૦
પહેલાં જાણ્યા નહોતા આવા ભૂપ; દીકરી૦
ધીક ધીક તમારૂં નામ. દીકરી૦
અન પાણી અહીંનું હરામ. દીકરી૦

આ માણસો અમદાવાદીના તીરસ્કારથી અપમાન્ય પામી ન્યાતમાંથી જમતા ઉઠયા. તેથી ઘણો ક્રોધ આણી ચાલવા તૈયાર થયા ને કહ્યું કે અમારે અહીંનું અંનપાણી હરામ છે. ત્યારે તેમના સગા મહેમદાવાદીઓએ આવી નમ્રતા પુર્વક કેટલીએક નીચેની હકીકત જણાવી શાંન્ત પાડયા.

રાગ બનજારા.

આ કલંક હરી ઉતારો, મુજ પ્રાણ નાથ ઉગારો. એ રાહ.
અમ વાતમાં લક્ષજ જોડો, હવે રીસ તમારી છોડો;
તમે રીસાઇને શું ચાલો, આ કોપ કરીને હાલોરે;
રાત આજની અહીંઆં પોઢો, હવે રીસ તમારી છોડો. ૧
તમે સમજુ થઇ શું બોલો, ખરા ખોટાને મનમાં તોળોરે;
નહીં કરવો ઘટે વરઘોડો, હવે રીસ તમારી છોડો. ૨
છો સગા સહુ શીર સાટે, ઉઠયા અમે તમારે માટેરે;
તેનો વિચાર કરીને થોડો, હવે રીસ તમારી છોડો. ૩
થયા તૈયાર શું સહું જાવા, ચાલો અમ ઘેર સૌ ખાવારે;
રીત સગાઇની નહીં તોડો, હવે રીસ તમારી છોડો. ૪
મારતાના હાથ ઝલાયે, પણ બોલે તેને શું થાયેરે;
મુળ લડાઇનું નહીં માંડો, હવે રીસ તમારી છોડો. ૫

આમ કેટલીએક રીતે સમજાવ્યા તોપણ તે ન માનતાં મહી ઓળંગી સામી પાર જઇ રહ્યા. ને બીજે દિવસે ઉઠી ચાલ્યા ગયા તેમણે ત્યાં જઇ એવો બંદોબસ્ત કર્યો કે કોઇપણ જણે ગુજરાતમાં કંન્યા દેવી નહીં. જે આપે તેને કેસરીઆના સમ આવો બંદોબસ્ત કર્યો. ત્યારથી ત્યાંની કંન્યાઓ આ દેશમાં આવતી બંધ થઇ. તોપણ મૂળથી માનેલા અમદાવાદીને પુજ્ય જાણી મંદ બુદ્ધિના મહેમદાવાદી

પોતાની કન્યાઓ આપતાં પાછી પાની કરી નહીં. હવે થોડી મૂદત પછી કોઇ એક મહેમવાદી કંન્યાના કાળે વાગડમાં જઈ કંન્યાનું માગણું કરવા લાગ્યો. ત્યારે ત્યાંના માણસોએ જણાવ્યું કે તમે પરણી અહીં રહો તો અમે ખુશીથી કંન્યા આપીએ. તે વાતની તેણે ભોળા મનથી હા પાડી, ને પરણ્યો. પછી કેટલી એક મુદ્દત ત્યાં રહી પાછો સ્વદેશ આવતાં તેનું અકસ્માત મૃત્યું થયું. ત્યાર પછી મહેમદાવાદીઓએ ત્રેખડાં ને ચોખડાં કરવાનો રીવાજ પોતાનામાં દાખલ કર્યો. તેમ છતાં કોઇને કંન્યા વધે તો તેણે પુન્જાએલા અમદાવાદીને આપવા માંડી.

તેથી કેટલાએક કન્યા વિનાના માણસોના છોકરાનેકુવારા મરવાનો વખત નજીક આવ્યો. તેથી અંતે એ ધારાથી કટાળ્યાને એવો બંદોબસ્ત કર્યો કે વધેલી કન્યા માગતી રાખી સગાવહાલાને આપવી, એ રીવાજ કેટલાએક દિવસ ધમધોકાર ચાલ્યો. પછીની વખત તો હાલમાં બાથંમ બાથા એટલે (ઘરના સોળાવાએલા) વાસણનો બદલો કરવા માંડયો છે.

અર્વાચીન રીવાજો.

હાલમાં મેહેમદાવાદીમાં કંન્યાનો ટોટો ઘણો પડયો તેનું મુળકારણ એવું છે કે [આઠઆને કોઇ ધીરનાર રહ્યું નહીં ને ચારઆનાનો રીવાજ ચલાવ્યો.] એટલે કંન્યાની આવક બીજી તરફથી બંધ થઇ ને પોતાની કંન્યાઓ પેહેરામણી લઇ પરબારી જવા લાગી, એટલે પોતાને હાથે રાખ ચોળતા થયા આટલી વાત થતાં સુધીમાં પાસે બેઠેલો મિત્ર સાંભળતો હતો તે ઘણી દિલગીરી

ની સાથે કહેવા લાગ્યો કે અરે ભાઈ શું ખેદકારક વાત કરો છો કે જ્યારે કંન્યાની આવક કોઇપણ દશાએથી રહી નહી ત્યારે દીકરા કુંવારા મુકી દીકરીઓને પરઠણ ભરી પરણાવનારા તમારી ન્યાતના વણિકો કેવળ મુર્ખ હતા.

ચુનીલાલ—અરે પ્રિયભાઇ મણીલાલ મુર્ખ નહોતા પણ વનચર હતા. પણ ભાઇ તમે સાંભળો તો ખરા હજુ અમારી ન્યાતીના વિચીત્ર રિવાજ જ્યારે તમારા સાંભળવામાં આવશે ત્યારે તમારા જેવા સુધરેલ અને તમે કવિછો તથા ઘણા સમજુછો તેથી તમારા મનને મારા કહેવાનો પાકો પુરવો મળશે ને કહેશો કે તમારી ન્યાતીના વણિકો છેક મુર્ખજ છે.

મણિલાલ—અરે શેઠજી હાલમાં તમારામાં કંન્યા આપ લે કરવાનો રીવાજ માત્ર સટાસટીથીજ થાય છે કે બીજી કોઇ રીતીથી થાય છે? ને જો સટાસટીથીજ થતો હોય તો કોઇ વધારે ગ્રહસ્થ હોય તેને કંન્યા ન હોય તો તેનો છોકરો કઇ તરેહથી પરણે.

ચુનીલાલ—ભાઇ અમારામાં કંન્યા આપવા લેવાના હાલમાં બે મોટા ધમધોકાર માર્ગ ચાલી રહેલા છે તે એકતો એકે કંન્યા આપવીને કંન્યા લેવી. ને બીજો એક દામ દે તેને ઘેર દીવો થાય.

મણિલાલ—ભાઈ કંન્યાના દામ લેવા એતો આપણે બ્રાહ્મણ વાણીઆનો મુખ્ય ધર્મછે પણ ભાઇ એતે કેટલા દામ લેતા હસે વારૂ?

ચુનીલાલ—અરે ભાઈ થોડા ઘણા.

મણિલાલ—થોડા ઘણા તે સો પચાસ કે બસેં ચારસેં,

ચુનીલાલ—ભાઈ જો દીકરીનો બાપ સમજુ હોય તો પાંચ દશ હજારસુધી નહીં તો વીસ હજાર સુધી પણ લે.

મણીલાલ—અરે સારે એતોએક રત્નજ વટાવ્યું તો કેમકે કોઇને

બે દીકરીઓ હોય ને એક દીકરો હોય તો વહુ આવે ને બીજી દીકરીના છોકરાના છોકરા ખાય એટલા પૈસા આવે ત્યારે દામ લે તો પણ દીકરી સુખેથી દિવસ નિર્ગમન કરે માટે કેલવણી પામેલો વર સારૂ કુટુંબ વીગરે જોતા હશે કે કેમા

ચુનીલાલ—હા ભાઈ અમારામાં જોવાનો ચાલતો ખરો કે વીસ હજારમાંથી એક પણ ખોટો પડે તો બદલાવો લે ને બીજું વરમાં જોવાનું તો માંડવે આવે ત્યારે લોક જુએ કે લાકડી ઝાલી છે કે કેમ ને આંખે સુજે છે કે નહી ને મોડામાં દાંત છે કે નહીં જો મોડામાં દાંત હોય તો કહેવાય કે વર નાનો છે.

મણિલાલ—અરે ભાઈ શું બોલો છો આતો જુલમની વાત કહી. પણ ભાઈ તમે તો વરને લાકડી ઝાલવાની કહી ત્યારે તે ઓછામાં ઓછો પચાસ વરસનો હોવો જોઇએ. ત્યારે તેને પરણનાર કંન્યા ઓછામાં ઓછી પંદર સતર વરસની હોવી જોઇએ તેતે પ્રમાણમાં છે કે નહી.

ચુનીલાલ—હા ભાઇ વરનારનું ભાગ્ય હોય તો કન્યા પાંચ કે દશ વરસની હોય ને ઓછામાં ઓછી પંદર સતર માસની પણ હોયછે.

મણિલાલ—ભાઇ ત્યારે તો તે વરનારને પ્રથમ તો કન્યાનો બાપ થવાનું પણ ભાગ્ય તે પ્રમાણમાં થતું હશે તો તે બાળા જ્યારે બાર વરસની થાય ત્યારે તો તેને ઘરડા વરથી શરમ લાગતી હશે. ને ઘણી દુઃખી થતી હશે. ભાઇ આ વાત સાંભળતાં મને ઘણી દીલગીરી ઉત્પન થાય છે. તો તેવી સ્થીતીમાં દિવસ નિર્ગમન કરનારને કેટલું બધું દુઃખ ભોગવવું પડતું હશે. આ સર્વ દુઃખનો ઉત્પન કર્તા તે બાળાનો બાપજ છે. અરે ભાઈ આ વખતની દીલગીરી સાંભળો.

છંદ લલીત.

અરર ભાઇરે શું વદો તમે,
દુઃખ દોહલાં દીકરી ખમે;
જનક તેહનો હાથથી કરી,
કુપની માંહી નાખે દીકરી.
વણિક ન્યાતમાં કેરરે થયો,
અરર દૈવરે કયાં જતો રહયો;
દિન દિકરી બીજી ગાય છે,
બાપને ધણી દે ત્યાં જાય છે.
થઇ પિતા પછી વેર વાળતા,
જનમ બાળનો હાથ બાળતા;
દિલ દયા જરા રે નહીં થતી,
વણીક ન્યાતની કયાં ગઇ ગતી.

અરે ભાઇ આ ખેદકારક બનાવ તમારી ન્યાતના મારા સાંભળવામાં તો આજજ આવ્યા. પણ તે મોટા પરણુતા હશે તે બાળકોનેજ સારૂ કેમકે તેમને સંસારનો ખરો લાભ લેવાની ઇચ્છા હોય તો જુવાનીમાં પરણવું જોઇએ. પણ ભાઇ તે ગરીબ આખલીની સુંઢલ હાથીની સાથે કરે તે કયાં સુધી નભી શકતી હશે. અરે શો જુલમ.

ચુનીલાલ—અરે ભાઇ તમે આવાં મર્મનાં વાકય શા શારૂં કહોછો. તે આખલીને હાથીની સુંઢલ કરવાની કહો છો તે પંચ વરશની કન્યાને પચાસ વરશનો વર તે કયાં સુધી નભી શકે એ ખરૂં પણ ભાઇ શું કરે કંન્યાનો ટોટો એટલે નિરૂપાય કેમકે જોઇતી વ-

ખતે દોપટ શી ભરતાં પણ મળવી મુશકેલ થઈ પડે છે. કેમકે પ્રથમ તો અમદાવાદી પૂજ્યને ત્યાં તાવડી તડાકા કરતી હોય તે ઠેકાણે પરઠણ આપી વર લાવતા ને દીકરો કુંવારો છે તેની દરકાર રાખતા નહીં. અરે ભાઇ એ બધાં કારણ કેળવણી પામી સુધરેલા ને બીજ થયાં છે.

મણીલાલ—અરે ભાઇ જ્યારે તમારામાં કન્યાનો આવો ટોટો પડયો ને મોટા ગ્રહસ્થને ઘેર પણ તાળાં દેવાની વખત આવી ત્યારે કોઇ બાણે ખપતી વણીક ન્યાતની કન્યા લાવવાનો ઠરાવ કરે તો શું ખોટું છે કેમ બીજી કોઇ જાતના વણીક કન્યા આપવા ખુશી નથી.

ચુનીલાલ—અરે ભાઇ જ્યારે એ સબધી પુણ હકીકત તમારા જાણવામાં આવશે ત્યારે કહેશો કે તમારી ન્યાતના વણીકો બેવકુફ છે પણ તમારે સાંભળવાની ઇચ્છા છે તો હું તમારા આગળ ખુશીથી જણાવુંછું કે અમારી ન્યાતનો એક માણુસ રાંડયો ત્યારે તેની ઉમર વરસ ૪૫ ની હતી ને તેને એક દીકરી હતી તથા ઘરનો ગ્રહસ્થ હતો તેથી તેણે વિચાર કર્યો કે મારે ફરીથી પરણવું પણ ફરીથી કન્યા કોઇ દેનાર નથી માટે આ છોડીને સાટે પરણું એમ વિચાર કર્યો ત્યાર પછી એક માણુસ વરસ સાઠની ઉમરનો હતો તેપણ ગ્રહસ્થ હતો તેને એક ભત્રીજી કુંવારી હતી ને તે પણ રાંડેલો હતો તેથી તે ડોસે તથા પેલી કન્યાના બાપે ઠરાવ કર્યો કે આપણે સામાસામી સાટુ કરીએ એ વિચાર નકી કરી છાનો રાખ્યો પણ તે વાત તે કન્યાના મોસાળીઆંના જાણવામાં આવી ત્યારે તે ઘણાં દીલગીર થવા લાગ્યાં ને તેમણે વિચાર કર્યો કે આપણાથી વધારે કહી શકાય તેમ નથી, પણ તેને કંઈ સમજાવીએ એમ ધારી ડાકોર ગામે

બધા ભેગા થયા ત્યાં ખુબ સમજાવ્યો ને કહ્યું કે તમે કાઠીઆવાડની કન્યા લાવો તેનું ખરચ જે થાય તે અમારે માથે છે તેમ છતાં બીજી કોઇ પણ પ્રકારની અડચણ પડે તો અમે તમારો સાથે છીએ. ત્યારે તેણે કહ્યું કે હુ એ પ્રમાણમાં કરૂં તો મને રણછોડજીના સમ છે કે ગાય માર્યાનું પાપ છે એ વાતપર વિશ્વાસ રાખી તેનાં મોસાળીઆં ગયાં ત્યાર પછી થોડે દિવસે જણાયું કે તેમણે સામાસામી સગાઇ કરીને લગ્ન નક્કી કર્યું આ વાત જેના સાંભળવામાં આવી તે બધા દિલગીર થયા તોપણ " ધણીને સુજ્યું ઢાંકણીમાં ને પાડાશાને સુજ્યું આરસીમાં " તેમણે સામાસામી લગન કર્યાં હવે તે કન્યાના બાપની પાસે એક માણસ અવેજ માગતો હતો તેણે ન્યાત ભેગી કરીને કહ્યું કે આ માણસે મારો અવેજ નહીં આપતાં એની દીકરી વતી પોતે પરણ્યો આ વાત લક્ષમાં લઇ ન્યાતીએ તેને સજા કરી પણ દીકરી સાઠ વરસનાને પરણાવી તેના સાટામાં બાપ પરણ્યો એ વાત કોઇએ ધ્યાનપર લીધી નહીં હવે તે દીકરી પરણી ત્યારે તેની ઉમર વરસ અગીઆરની માટે થોડી ઘણી સમજણ હતી તેથી તેના પીતાને કહેવા લાગી કે;–

રાગ—પીતાજી આ કોપ તમે શું કરયો.

પીતાજી કરો નહીં આવું કર્મ,
કહુંછું તજીને હવે હું શરમ;
તમારી સુતાની સામું જુઓ,
નહીં જન્મ મારો એળે ખુઓ.
અરે તાતજી ન વિચારો આગ
જુગે ફુબશે તમારૂં નામ;

વરાવો નહીં પતિ વ્રધ સાથ,
અરેરે પિતાજી કહું જોડી હાથ.
થઇને પિતા ન વાળો વેર,
કરો નહીં બાપુ આવો કેર.
નથી માત મારી આવે સમે,
પીતા થઇ દુઃખી દીકરીને દમે;
વધારે કહું શું પીતા છો તમે,
કરે સાહ્યરે કોણ આવે સમે.

અરે પિતાજી તમે તમારી ગરીબ દીકરીનો જન્મ શા માટે બગાડો છો ને આ વાત જ્યારે મારાં મોસાળીઆં જાણશે ત્યારે તમને ઘણો ઠપકો દેશે ને જીવતાં સુધી તમારૂં મોઢું જોશે નહીં વળી સઘળે સ્થળે તમારી અપકીર્તી થશે ને મારો જન્મારો બગડશે. માટે પિતાજી તમારી રંક દીકરીની અરજ ધ્યાનમાં લ્યો. ને હાથે કરી મુને કુવામાં નાંખો નહીં આટલું આ દીકરીએ કહ્યું તોપણ તેના પાપી પિતાએ કંઇ ધ્યાનપર લીધું નહીં ને પરણ્યા પછી તેના મોસાળીઆં પાસે કલ્પાંત કરે છે ત્યારે તેને મોસાળીઆં કહે છે.

રાગ—પીતાજી આ—

અરે બેન થા નહીં તું દુઃખી;
તુને મારતાં પિતા તારો સુખી
અરેરે સુણી આ વિપરીત વાત;
થઉછું દુઃખી દિવસને રાત.
અમારો નથી હવે કાંઇ ઉપાય;
દેખી દુઃખ તારૂં મન આ મુંઝાય.

અરે બેન હવે શો ઉપાય છે તારા પિતાએ તુને હાથે કરી કુવામાં નાંખી છે હવે એ દુષ્ટનું મોઢું અમારે જોવું નથી ને તારૂં દુઃખ દેખી અમે વધારે દુઃખી થઇએ છીએ ભાઇ આ પ્રમાણે વાત બની ત્યાર પછી થોડે દહાડે એટલે લગભગ બે વરસ આ કંન્યાનું પરણેત રહ્યું ત્યાર પછી તે બાઇ રાંડી.

મણિલાલ—અરે ભાઇ આ વાત સાંભળતાં હું ઘણો દિલગીર થાઉંછું ને બરાબર સમજ્યો કે કેટલાએક દાખલા આગળ એવા કહી ગયા છે આગળ દીકરી સાટે બાપ પરણશે તો તે પ્રમાણમાંજ અત્યારે થાય છે ધીક્કાર છે એવા દુષ્ટને ને તેની પુંજીને પણ ધીક્કાર છે ને તમારી નીચ બુધીની ન્યાતને પણ ધીક્કાર છે.

ચુનીલાલ—ભાઈ હજુ બીજી ન્યાતીની કંન્યા લાવ્યા વિશેની વાત સાંભળો તો ખરા. કોઇ અમારી ન્યાતનો માણસ દશા શ્રીમાળીની કંન્યા લાવ્યો. તેને ગ્નાતીના માણસોએ એટલો તો દુભાવ્યો કે તે માણુસ કંટાળી કહેવા લાગ્યો કે આ ગ્નાતી તજી હોય તોપણ આથી સારૂં અરે ભાઈ એવા સમયમાં જ્યારે અમારી ન્યાતી ભરાઇ હતી. ત્યારે અમારા મિત્રે ભાષણ કરયું હતુ તે નીચેના ગાયનમાં જણાવું છું.

રાગ—પીયુને તજાવનાર વેરી અલંકાર.

સાંભળો સહુ બંધુઓ મારી એક વાત,
શ્રેષ્ટ બીજી ગ્નાતીઓથી આપણી છે જાત;
કંન્યાને લાવ્યાનો ઉપાય નહીં કીધો,
ત્રંબાળુવાળાને ઘેર તાળાં શા માટે દીઓ.
પચાસ વરસનો જે પરણે છે નાર,

બંનેનો બગાડે છે એમાંથી અવતાર;
બારેક વરસની એ બાળા જ્યારે થાય,
ભાઇ ત્યારસોરા શ્વર્ગ સોધવાને જાય.
વધારો બીજી ગ્નાતોમાં દિને દિને થાય,
તેમ આપણી ગ્નાતીમાં ઘટાડો ગણાય;
વંશ કાઢવાનો આ ઉપાય આદર્યો,
ગુણીજનો સુધારો ન ધ્યાનમાં ધર્યો.
ભાઇ સર્વેની આંખો ઉઘાડવા આ પ્રમાણે કહ્યું.

મણીલાલ—અરે ભાઇ ધન્ય છે તમારા વિચારો ઘણા સુધરેલા છે તેથી તમે હમેશાં પ્રયત્ન કરતા હશોજ પણ ભાઇ આવું અસરકારક ભાષણ કર્યું તેથી કાંઇ ફાયદો થયો કે કેમ.;

ચુનીલાલ—અરે વાહાલા મિત્ર એ ભાષણ કરતી વગત કેટલાએક છાનાછાના વાતો કરવામાં રોકાયા હતા. કેટલાક હુકા અને બીડીઓની લહેરમાં લલચાયા હતા ને કેટલાક માણસે સાંભળ્યું તેમણે આ કાને આવ્યું ને પેલે કાને જતુ રહ્યું કેમકે શેઠની શીખામણ ઝાંપા સુધીજ પહોંચી. શાથી કે તે વાત સાંભળતાં સુધીજ તેમની ધ્યાનમાં ઉતરી એટલામાં પાસે આવી બેઠેલા ભ્રમીતશાસ્ત્રી બોલ્યા અરે ભાઇ શું વાત કરો છો બીજી ન્યાતીની કંન્યા તે લવાય.

મણીલાલ—અરે મહારાજ એમનાથી બીજી ગ્નાતીની કંન્યા લવાય નહીં એવો શાસ્ત્રનો કંઇ દાખલો છે તમારી પાસે કે કપોકલપીતજ ચલાવો.

શાસ્ત્રી—અરે એમાં દાખલા શું કરવા છે. બીજી ન્યાતી કંન્યા લવાયજ નહીં. શાસ્ત્રમાં એના કંઇ દાખલા નથી.

મણિલાલ—ભાઈ તમે કહો છો કે લવાય નહી ને શાસ્ત્રીના દાખલા નથી તો નહીં લવાય એ શા કારણથી. માત્ર તમે તો તમારા નામ પ્રમાણમાં લોકોને ભમાવવાનુંજ કામ કરો છો પણ ભાઈ જરા વિચાર કરો કે તમારા જેવા સુધરેલનું અહીં કાંઇ ચાલે તેમ નથી કેમકે અમે કંઇ એ રીતીથી અજાણ્યા હોઈ વાત નથી કરતા જુઓ મનસારણ્યના નિવાશી અમારા ઘરડા બુધ્ધોદય રૂશી કોઇ રાજાની સાથે ધર્મ સબંધી વૃતાંત ચલાવતાં નીચેના શ્લોકમાં શું કહ્યું.

શ્લોક.

श्रृपरेदूष्णादुल वाक्योतिहितकारकः ।
कदापुकुस्थळंपतिते धर्मकंन्याधनंस्तथा ॥
त्रपशुभंयदीअस्ति तदृःकार्येनदोशतो ।
ग्रहीत्वामिाकथंसत्य नृपश्रेष्ठपुनःपुनः ॥

અરે માહારાજ, જુઓ એમાં શું કહ્યુ કે આપણે ટોરો હોય તો કદાપી ધન કંન્યાને ધર્મ નઠારા સ્થળમાં પડયા હોય તોપણ તેને ગ્રહણ કરવામાં દોષ નથી એવું સત્ય વાક્ય હું વારંમવાર કહું છુ અરે શાસ્ત્રી બાવા તમે જાણતા નથી તેથી તમારી સાથે મિથ્યા માથા ફોડ કરતાં અને કંટાળો આવે છે કેમકે તમારામાં બ્રાહ્મણીઆ રીવાજ સંપુરણ ભરયા છે. પણ જુઓ વળી એમ પણ કહ્યું છે કે વિધા પણ ગમે તે સ્થળેથી ગ્રહણ કરવી જોઇએ જુઓ માહારાજ આપણા બીજા શાસ્ત્રોમાં પણ એવા દાખલા ઘણા મળી આવે છે કે ક્ષત્રીઓની કંન્યા બ્રાહ્મણો વરતા તેમજ વણીકોમાં ચોરાશી ન્યાતના વણીકોમાં માત્ર થોડાનુંજ ધર્મ ભેદ હોવાને લીધે આપણું ન

થી નહીતો બીજા બધા એટજ ભાણે ખાય છે પણ આ તો અધા-
પિ એટલે થોડી મુદતની વાત છે કે શ્રીમાળ દેશમાંથી જ્યારે મા-
રવાડમાં આવી વસ્યા ત્યાં સુધી દશા મેવાડા તે દશાશ્રીમાળીના ભા
ઇ હતા પણ અત્યારે ગુજરાતમાં આવ્યા પછી તે નામ ગસાઇ ગ-
એલું છે તેથી તેમની કંન્યા લેવામાં કાંઇ દોસ નથી.

ચુનીલાલ—ભાઈ ધન્ય છે તમને, પણ તમે જે રૂશીઓ ક્ષ-
ત્રોની કંન્યા લાવતા એ વાત અમારી ન્યાતના કોઇ માણસના સાં
ભળતાં કહી હોય તો લાગલો કહેવા લાગે કે રૂશીઓ તો બળવાન
હતા ને તેમના ઘરમાં ક્ષત્રીની કંન્યા આવે ત્યારે પવિત્ર કરતા; આવું
કેહેતાં જરા આંચકો ખાશે નહી કેમકે અમારી ન્યાતના પુરૂસો અ-
ને સ્ત્રીઓ એટલું પણ નથી જાણતા કે કેલવણીનો કચરો કયે
ખુણે પડયો છે.

મણીલાલ—ભાઇ તમારી ન્યાતીનામાં આટલી બધી અગ્યાન-
તા બરાઇ રહી છે એ જાણી હુ ઘણો દીલગીર થાઉંછું. પણ ભાઇ
તમે આટલા સુધી વાત કહો છો ત્યારે તો એમ સીદ્ધ થાય છે કે
લોક કેહે છે વાણીયા સુગ્ર ને ઝીણા પણ એ આગળનુ નામ છે હાલ
તો તમારી ન્યાતીના ઘણાકની બુધી પથરા કરતાં થોડીજ ખુલી છે

ચુનીલાલ—હા ભાઇ ખરૂ છે પણ અમારામાંથી એક માણસે
દશાશ્રીમાળીની કંન્યા છેલામાં છેલી આણી છે તેને સંતાન થયાં છે
તે દીકરીઓને માટે મગઝ ઉપરા ઉપરી ઝડપો મારવા વીચાર
ચલાવે છે.

મણીલાલ—હા ભાઇ એ પ્રમાણેજ હશે. પણ ભાઇ આ
બધી વાત તમે ફકત મહેમદાવાદીની કહી પણ કંઈ અમદાવાદીની

હકીકત જણાવો તો ઠીક.

ચુનીલાલ—ભાઈ હવે તમને અમદાવાદીની હકીકત જાણવાની ઇચ્છા છે તો સાંભળો કહુ એમનાં વૃતાંતો પણ ઘણાં ઘાડાં છે માત્ર આ તો માહા પુરાણના પ્રથમ સ્કંધના એકજ શ્લોકની હકીકત કહુ તે સાંભળો એમના પણ અત્યારે છાના છાના સામ સામી થઇ જાય છે ખરા પણ એક નામદારની કંન્યાનુ કેવી તરેહથી થયું તે સાંભળો અમદાવાદીમાંના એક નામદાર માણસે પોતાની કંન્યાનો વીવાહ બદલાઇથી કરયો તેમાં માત્ર તે બંને સગજ જાણે ને ઘણા માણસોની સમક્ષ ન્યાતના રીવાજ પ્રમાણે ચાંલ્લો કરયો ત્યાર પછી મુદત વીતી જતાં સુધી પણ બદલાનો લાભ મળ્યો નહી તેથી તે માણસે વીચાર કરયો કે આપણે આ કંન્યા પ્રથમ આપીએ એટલે પાછળથી હાથે ખુસી થઇ ચોળતી પડશે માટે એ સબંધી કઇ યોગ્ય ગોઠવણ કરીએ તો ઠીક એમ ધારી વીવાહ કરેલો વીખરી નાંખવા મનસુબો કરયો એટલામાં તાકી રહેલા બાહાદુર મહેમદાવાદી શીકારીઓએ આવી દોપટ ફી આપી એટલે તે કંન્યાના વાલીએ ખુશીથી મહેમદાવાદીને કંન્યા પરણાવી માટે ભાઈ જુઓ કે એ કંન્યાનો વીવાહ પ્રથમ જ્યાં કરયો હતો ત્યાંના માણસોએ કપટથી બદલો આપવાનો વિચાર બંધ રાખ્યો તો જુઓ તેના કપટનો બદલો તેને મળ્યો.

મણિલાલ—ભાઇ આ બધી બીનાઓ સાંભળી મારૂં મન ખુબ અકળાઇ ગયુ છે માટે એ અમદાવાદીની બીના ગાયનમાં સમાવી સંભળાવો તો ઠીક.

ચુનીલાલ—ઠીક ભાઇ ત્યારે તેમ કરીએ, સાંભળો.

રાગ ગીરધારીરે વાત કહુ તે વીચારો.

ભાઇ મારારે કપટ તણી કહુ કાહાણી.
ફળ કપટ તણુ ધુળધાણી.
કપટેથીરે વીવા એણે કીધો.
તેનો લાવો પછી શું લીધો.
ઝુલ—એણુ વાત વીચારી એવીરે.
એ કંન્યા મારે લેવીરે.
પછી નહો આપુરે, કંન્યા જેહ લખાણી. ફળ—૧
સુરેખારે બળદેવની જે બાળા.
કરયો વીવા કાકે કાળા.
અભીંમન્યુરે અરજુન સુત રસાળા.
તોડયો કૌરવ સામાવાળા.
ઝુલ—લઇ જાન ગયાતા સાથેરે
બહુ દુખ પડયું ત્યાં માથેરે.
કરો આવ્યારે કોટીક દામની હાણી. ફળ. ૨
હાથેથીરે કુળ આવ્યા બોળી.
રહયા કૌરવ આંખ્યો ચોળી.
નવ ચાલ્યુરે ઝાઝો હતી એ ટોળી,
પણ પરણ્યો અભીમન ગોરી,
ઝુલ—એવું કપટ કદી નવ છાજેરે.
પણ કુળને લાંછન લાગેરે.
સુણો બંધુરે મારા તમે ગુણ ખાણી ફળ. ૩
વીચારયુરે વાયેમનુ જાએ

ધારણું ધરણીધરનું થાયે
મન મીથ્યારે માણુસનું મકલાયે.
કપટે કોટી જન ઘાયે
ઝુલ—નહી કપટ તણું ફળ સારૂરે
એવું કેહેવું છે ભાઈ મારૂંરે,
શુભ ગુણનેરે ગણશે હશે જે જ્ઞાની. ફળ. ૪

મણિલાલ—શાબાશ શાબાશ ભાઈ સરસ ગાયન ગોઠવ્યું. પણ હવે ચાલો જમવાની વખત થઈ છે. વળી વિશેષ હકીકત સાંજના કહેજ્યો.

ચુનીલાલ—હાભાઈ જમવાની વખત થઇ જવા આવી છે. માટે ચાલો, જમી આવ્યા પછી.

ચુનીલાલ—આવો પ્રિય ભાઇ મણિલાલ આવો કેમ જમ્યા?

મણિલાલ—હા ભાઈ જમ્યા. પણ આજતો જમતાં જમતાં એક વિચિત્ર બનાવ બન્યો.

ચુનીલાલ—અરે ભાઇ શું વિચીત્ર બનાવ બન્યો તે તો કહો, લો આ પાનની બીડી ખાઇને પછીથી કહો.

મણિલાલ—અરે ભાઈ આજ હું મારા એક સગાને ત્યાં જમવા ગયો હતો. ત્યાં મારી સાથે મારો સગો તથા તેનો આઠ વરસનો નાનો બાળ જમવા બેસારેલો હતો. તે દરમીયાન પીરસનાર બાઈએ આવી મારી થાળીમાં કંસાર પીરસ્યો એટલે પેલો મારો સગો બોલ્યો કે મારે તો ગોળની બાધા છે. માટે મને કંસાર મુકીશ નહીં. ત્યારે તે બાઈએ કહ્યું હા ખરી વાત છે. પણ હું ભૂલી ગઇ તે મેં પોણાશેરનો કંસાર કરયો ત્યારે બુળીઆના બાપા આપણા બુળી

આને તો કાલનો કળશીયો થયોછે તેથી તેને પણ કસાર ખાવા દે વો નથી. એને ભાતને દાળ મુકું, ધુળીઆનો બાપ કહેછે હા ખરી વાત છે. અરે ભાઇ ચુનીલાલ હું જમતાં જમતાં જંખવાણો પડી ગયો. કે એ નાનો બાળ રોટલો ને દાળ ખાય ને મારાથી કંસાર કેમ જમાય ભાઈ મેં કહ્યું થોડો મુકો નહીં નડે. ત્યારે તેની મા બોલી ના બા એનાથી તો ગળ્યું ખવાતુંજ નથી. કેમ ધુળીઆ તારે જોઇએ છે ધુળીયો કહેછે મા થોડોક મુક, મને તો કળશીયો નથી થયો, તેની મા કહેછે. બેશ મારા રડ્યા, તારો ઓરશો કુટે ઉછેદી- યા મરી જઇશ ખાધાનો લાલચુડો થાય છે. ભાઇ કાલે પરાણે કળ શીયો મટયો છે ને વળી ધરડું ખાવુંછે. અરે ભાઇ આ વાત સાં ભળી હું તો ઘણો શરમાયો.

ચુનીલાલ—અરે ભાઇ તમારી ન્યાતમાં-તમે આ રીવાજ આજ દીઠો પણ અમારામાં તો ઠારેઠાર આવીજ બીના બને છે. મેમાનને કંસાર પીરસે ને ધરધણી રોટલો લેઇ પાશે બેશે. પણ ભાઈ ગરીબ ગરબાં શું કરે.

મણિલાલ—ભાઇ જો તેની સ્થીતિજ ગરીબ છે તો બધાને રોટલા કરી મુકે તે શું ખોટું પણ આતો હાથે કરી પોતાની રીતી જણાવે છે.

ચુનીલાલ—હા ભાઇ ખરી વાત છે પણ મિથ્યાભીમાની ગુ મારોના મનમાં આ વાત થોડીકજ આવે છે.

મણિલાલ—હા ભાઇ પણ હવે તમારી ન્યાત વિશે કંઇ વાત કરો તો ઠીક મેં સવારમાં જે વાત સાંભળી છે તેથી વિશેષ સાંભળવાની મારી ઇચ્છા છે.

ચુનીલાલ—ભાઇ અમારી ન્યાતના વરઘોડા આથી વિશેશ છે માટે તે કહેતાં મને શરમ લાગે છે.

મણિલાલ—અરે ભાઇ જ્યારે તમારા ન્યાતીલા બંધુઓને તેમ કરતાં શરમ લાગતી નથી. તો તમને કહેતાં ને મને [સાંભળતાં શાની શરમ લાગવાની છે.

ચુનીલાલ—કહો ભાઇ ત્યારે શું સાંભળવાની ઇચ્છા છે.

મણિલાલ—ભાઇ જ્યારે તમારી ન્યાતીના માણુસો કેલવણી પામેલા નથી તો દેશાટણુતો કયાંથી કરી શકે.

ચુનીલાલ—ભાઇ દેશાટણુતો આટલી કરે છે કે જો ગાઉ ગામડે તેમની ઉઘરાણી હોય તો 'સવારમાં ખાઈને જાય તે સાંજે ચારો ચરી ઘેર આવતાં માંદા પડે તો ભુવા ને 'જોશીઓનાં ટોળાં ઘેર બેસારવાં પડે છે. આટલી મુસાફરી કરે છે.

મણિલાલ—ભાઇ દેશાટણુ વિના માણુસને અકલ આવતી નથી માટે અવસ્ય દરેક માણુસે મુસાફરી કરવી જોઇએ. પણુ ભાઈ તમારામાં હાલ કંન્યા આપલે કરવાનો રીવાજ સાટાંને પઇશાથીજ ચાલે છે કે ત્યારપછી કંઇ ફેરફાર થયો છે.

ચુનીલાલ—આવા સમયમાં કોઇ ગામે ન્યાતના કેટલાએક માણુસે મળી એવો ઠરાવ કરયો કે એક સ્ટાંપ લાવી તેમાં સહીઓ કરનાર માણુસે પોતાની કન્યા મફત આપવી ને મફત લેવી.

મણીલાલ—અરે ભાઇ શું વાત કરોછો કે જ્યારે દસ દસ બાર બાર હજારે કંન્યા મળવી મુસકેલ હતી તેવામાં મફત આપવી ને મફત લેવી એ ધારો કેવી રીતે અમલમાં આણ્યો.

ચુનીલાલ—ભાઇ સાંભળો તો ખરા કે એમ ઠરાવ કરયો કે

હવેથી કોઇએ તેર માસથી ઉપરાંતની કંન્યાનો વિવાહ કરયા વીના રહેવા દેવી નહીં ને જો કોઇને ઘેર અઉદ માસની કંન્યા વિવાહ વીનાની હોય તો તે ન્યાતનો ગુનેહગાર ઠરે. ને હાલ જે કંન્યાઓ મોટી છે તેમનો વિવાહ સટે ત્રેખડેથી કરી નાંખવો.

મણિલાલ—ભાઇ શું જૂલમકારક વાત કરો છો કે તેર માસની કંન્યાનો વીવાહ કરવો નહી. નહીં તમે ભુલો છો, તેર વરસની હશે. એમ શું તમારી ન્યાતીના માણુસો છેક મુર્ખ છે કે તેર માસની કંન્યાનો વિવાહ કરવાનો કાયદો કરે પણ ભાઈ જયારે મફત આપવી ને મફત લેવી એ ધારો થયો ત્યારે કોઈ ગરીબ માણુસ પોતાની દીકરીને મફત દેઇદે પણ તેના દીકરાને કોણ મફત આપે કે તે મફત લે.

ચુનીલાલ—મફત ન આપે તો છાની ખંડણી આપે ને કંન્યા લે.

મણિલાલ—વાહ ભાઇ ત્યારે તો પોતાની કન્યા મફત દઇ દેવીને પાછળથી ભીખારી થાવું પણ ભાઇ આ ધારો ઘણા ગ્રહસ્થો એ મળીનેજ કરયો હશે કેમ.

ચુનીલાલ—હા ભાઇ કંદોઇની છોકરી ખાજાની ભુકરી દેખે ઘણા ગ્રહસ્થોએ મળીનેજ આ ધારો કર્યો એટલે બીજા ગરીબોની શી દશા થશે તેની દરકાર કોણ રાખે છે.

મણિલાલ—ત્યારે તો પોતાના ગુમાનમાંજ બીજા ન્યાતીલાને તાણી નાખ્યા કેમ. પણ ભાઇ એ ધારો ધમધોકાર કયાં સુધી ચાલ્યો.

ચુનીલાલ—એ ધારાને કર્યા પછી થોડે દિવસે કટ પડયોછે

મણિલાલ—અરે ભાઇ કાટ વળ્યો એ તો ખરો પણ એ ધારાને અનુસરીને જેણે કન્યાનો વિવાહ કર્યો તેનો તો ડાટ વળ્યો. ભાઈ એ ધારો કર્યો ત્યારે તમાગમાં જે સુધરેલ હશે તેને ઘણો ખેદ થયો હશે.

ચુનીલાલ—હા ભાઈ અમારામાં સધરેલા જે ખીચડીમાં મીઠા જેટલા છે તેને નીચે પ્રમાણે ખેદ થયો હતો.

રાગ—પ્રાણપતિ તોરે આવીને

શું રે થશે હવે આપણું નથી એકે ઉપાય;
દુઃખ તણી આ વિનતી, કોની આગે કથાય. શું રે.
તેરજ માસની કન્યકા, તેનો કરશે વિવાય;
ગરીબ જનો માર્યા જશે, અરેરે હાય હાય. શું રે.
બોલ્યું વળે નહીં આપણું, એ છે ઝાઝા જંન;
કઠણુ કર્યો આ કાયદો, ન વિચાર્યું મંન. શું રે.
મુંઢ મતિના મળ્યા સહુ, છત જોમનના છકેલ;
ગરીબ જનોની જરા દયા, ગનમાં ન રખેલ. શું રે.
બાર હજારે બાળા તણો, કરતા જે વિવાય;
તુરત કરયો આ કાયદો, કેમ વરત્યો જાય. શું રે.
કરશે વિવાહ કોઇ આ સમે, ખાશે ખત્તા અપાર;
થોડે દીને આ તુટી જશે, એવો છે નિરધાર. શું રે.
નાથ નમી હું તુંને કહું, ધરજો વિનતી ધ્યાન;
ગરીબ જનોની વાંરે ચઢો, નહીંતો છે નુકશાન. શું રે.
સહાય સદા કરનાર છો, અનાથના નાથ;
રંક શેવક કરે વિનતી, જોડી જુગમજ હાથ. શું રે.

મણિલાલ—અરે ભાઇ આવી શ્રેષ્ટ બુદ્ધીના માણસો તમારી ગ્નાતમાં છે ખરા, પણ ઉપર જણાવ્યું કે તે બીચારા ખીચડીમાં મીઠા જેટલા ને સાધારણ સ્થીતિના તેથી તેમનું કંઈ વળી શકે તેમ નહોતું. પણ ભાઇ દશ હજારે કન્યા દુર્લભ હતી એવા કળિકાળમાં સતયુગ વરતાવ્યો પણ તે ચાલ્યો નહીં તેથી ઠીક થયું નહીં તો હજારોનાં ઘર જાત. પણ આમાં કોઇએ ચોળેલી ખરી કે,

ચુનીલાલ—હા ભાઇ કેટલાએક ભોળા મનના માણસોએ વિવાહ કરેલા છે તે પસ્તાય છે કેમકે ગાંડી આબરૂના બંધનથી તેમણે કંઈ ફેરફાર થઇ શકે તેમ નથી.

મણિલાલ—વારૂ ભાઇ તે માણસોએ ધારો કરયો ત્યારે તેર માસની કન્યાનો વિવાહ કરવો એમ ઠરાવ્યું હતું પણ તેની સુખ શાન્તી વિશે શું વિચાર કર્યા હતા.

ચુનીલાલ—અરે ભાઇ અમારી ગ્નાતીના માણસો વિશે વારંવાર શું પુછોછો.

મણિલાલ—ભાઇ તમે કેમ કંટાળો છો, મને સાંભળવાની બહુ ઇચ્છા છે કે તેર માસની કન્યાનો વિવાહ કર્યો તેને પરણાવવી પડે તો તે કન્યા ગાંડી બેહેરી કે બોબડી નીકળે તો તેને માટે કંઇ ફેરફાર કરે ખરા,

ચુનીલાલ—ભાઇ એવા વિચાર કરવાની નવરાશ અમારી ગ્નાતીલાઓને મળતી નથી પણ ભાઇ વધારે દિલ્લગીરીની શું વાત કહું કે કોઇ માણસને પાંચ પચીશનું ઢોર લેવું હોય તો તેની ખોડ ખાપણ જોતાં પણ પાછળથી સાત આઠ દીવસની બોલી રાખે છે કે મને નહીં ગમે તો પાછું મુકી જઇશ પણ આની સાથે આખો જન્મારે

નીર્ગમન કરવાનો છે. તેના સબંધી પરીપુર્ણ તપાસ પ્રથમથી કર તા નથી તેથી આખો જનમારો ધણી ધણીઆણીનો કજીયો હોલા તો નથી. ઘરમાં બનતું નથી તેથી દરરોજ તકરારો થાયછે ને બા રણે લોક જોવા મળે છે તેથી તે બંનેની પુરેપુરી ફજેતી થાય છે વિશેશ કહેવું પડે છે કે વર કન્યાના લગનની પેહેલાં જોશીને બો લાવી મળતા વિશેક જોવરાવે છે ત્યારે જોશીઓ મોટાં મોટાં ટીપ ણાં કાઢી ધનના ધુતા માણસો પેટને નીમીત લોકને વહેમથી ખાંડી મારે છે. ને કહે છે કે આને તો ભાઈ શડાષ્ટક છે માટે નામ બદલ વું પડશે આવું જોશીની પાસે જોવરાવ્યા વિના ચાલતું નથી. કહો ભાઇ તેનું નામ બદલ્યું માટે શું જે સારૂ યા ખોટું પરીણામ થ- વાનું તે મટી જતું હશે? આવા માણસોએ બીચારા ભોળા મનના હીંદુઓને ખુવાર કર્યા ને વેહેમ ઘાલી ભીખ મગાવી તોપણ કોણ જા- ણે આ ભુદેવો હજુ શું કરશે. ખરૂ જોવાનું તો એ છે કે પરણનાર સ્ત્રી પુરૂષના મીજાજ મળતા આવે છે કે નહીં તેમની ચાલ ચલગ- તને રીતી પદ્ધતિ કેવી છે તેની કોઈ દરકાર રાખતું નથી પણ તેર માસની કન્યાનો વિવાહ કરે એટલે એમાંનુ શું જોવાનું ગાંડી બહેરી કે મુંગી નીકળે તો વરનારનું ભાગ્ય, આવા રીવાજ અમારામાં ચાલે છે તેથી દીવસે દીવસે ગ્નાતીની પડતી થઇને ઘણાનાં ઘર ઉડી ગયાં પણ ભાઇ આવા સમયમાં મહેમદાવાદી ને અમદાવાદી વચ્ચે તડાં- ની તકરાર ચાલી રહી છે.

મણીલાલ—અરે ભાઇ વળી તમારી આવી ટુંકી ન્યાતમાં તડો પડ્યાં ત્યારે તો તમારો જથો એક મોટા કુટુંબ જેટલોજ રહયો નહીં. કેમકે તમારી ન્યાતીની સંખ્યા ગુજરાતમાં ઘણીજ થોડી છે તે

માં જ્યારે તડાં પડયાં ત્યારે તો ઘરઘરના થઇ ગયા પણ ભાઇ એ તડાંના તડાકાની હકીકત ગાયનમાં સમાવી સંભળાવો તો ઠીક મજાપડે.

ચુનીલાલ—સાંભળો ભાઈ

રાગ—આવો આવો છોકરા છાપકાંટે રમીએ ખરેરે.

સુણો બંધુ મારા તડાં તણી કથા કહુરે
ગ્નાતીનું શુભ સદા મનમાંહી ચહુરે.
કર્યો વીચાર એમણે એવોરે;
છાંટો આપણે ન લેવોરે.
મેહેમદાવાદી સહુનાથી છુટા થવુરે. સુણો.
છે સગા આપણા કોયરે,
એમને ઘેર અવસર હોયરે;
બ્રાહ્મણીએ ચોકે ત્યારે તહીં જમવા જવુંરે. સુણો.
મટી એકુનીત સગાઇરે,
પણ દીધી ગ્નાતી મટાઇરે;
ઉછેદીયાને માટે ભાણા થઇને જવુંરે. સુણો.

આ પ્રમાણે અમારામાં તડાં પડયાં ત્યારે થોડી મુદતથી મહેમદાવાદીને અમદાવાદી છુટા પડેલા છે. તે અદ્યાપિ પર્યંત ચાલ્યા કરેછે.

મણિલાલ—ભાઇ તમે કહ્યું કે અમદાવાદીએ ઠરાવ કરયો કે આપણે મહેમદાવાદીથી છુટા થવું પણ આપણે સગાઈ રીતથી મહેમદાવાદીને ત્યાં અવસર હોય ત્યારે બ્રાહ્મણીએ ચોકે જમવા જવું ને ઉછેદીયા સમયે ભાણેજ થઈ ઉપભોગ કરવા જવું. આ વાત વીચારી સગાઈ મટાડી નહીં પણ ન્યાત મટાડી દીધી હેવી પૈસાઇની વાત છે. માત્ર સ્વાર્થનીજ સગાઇ રાખવા ખુશી છે પણ ભાઇ આ-

વા વિચાર તે સારી બુધ્ધીવાળાના મનમાં આવ્યા તે ઘણું ખેદકારક વાત છે. પણ ભાઇ તમારામાં કોઇ ગ્રહસ્થ જુવાનીમાં રાંડે તો તેને ફરી પરણુવાનુ મળે કે નહીં.

ચુનીલાલ—ભાઇ ફરી પરણુવાની શી વાત કરોછો એકવાર પરણુતાં તો આંખ્યો ખોચીયે જાય છે. તો ફરી મળવાની વાત સીદાખલા તરીકે કહુંછું કે અમારી ન્યાતનો એક માણુસ રાંડયો હતો તે ગ્રહસ્થ જુવાન હતો. તેને કાંઇ સંતાન હતું નહીં. તે માણુસ મારા કોઇ પણ સગાની નજીકનો હતો. તેથી મારે તેની સાથે સારૂ ઓળખાણુ હતું એક વખત તે પરગામથી આવ્યો ત્યારે ઘણો જ ભુખ્યો થયો હતો. પણ ઘેર પોતાનેજ હાથે ખાવા કરવાનુ હતું તે વખતે હું તેની પાસે ગયો તોતે માણુસ નીચે પ્રમાણે પોતાના દુખનો વિલાપ કરતો હતો તે હુ તમને જણાવુંછુ.

રાગ કહુછું નશીબે દુખીઓ કીધો છે.

વ્યર્થ ગયો જનમારો મારો. ડુબ્યા સૌ શુભ મારા વિચારો
નીરવંશી થયો નારી મરતે, દુખ તણો નથી એકે કિનારો. વ્યર્થ
બીજી મળે નહી ન્યાતની કંન્યા, ખરચુ કહાપી દામ હજારો. વ્યર્થ
નારી મરતે પ્રથમ મુઓ હું, શું કીધો હરી ગુનો તમારો. વ્યર્થ
જન્મ બધો નથી જંપજ વાળ્યો, નથી એ ભવિશનો ભોગવનારો વ્યર્થ
ખાલી ઘર ખાવાને ધાયે, કોને પુછી કરૂ રોજગારો. વ્યર્થ
હાથે કરતો ખાવા પાણુ, નામ બધાનો હુ શેઠજ સારો. વ્યર્થ
આ ન્યાતમાં ક્યાં જન્મજ આપ્યો હે પ્રભુ જન્મ ગયોજ અકારો. વ્યર્થ
ખોટે બીજી જ્ઞાતીની કંન્યા, લાવ્યાનો નથી ન્યાતનો ધારો. વ્યર્થ
વૃધ નથી હું વધારે થયેલો, કેમ જસે મારો જનમારો. વ્યર્થ

મણિધરના પતિ વિનતી મારી, નાથ જરા નીગામાંહી ઉતારો. વ્યર્થ
શુરે કરૂ હવે શાપ વિના હું, નહીતો મનમાં હજાર વીચારો. વ્યર્થ

ભાઇ આ પ્રમાણે તે માણુસ વારંવાર પોતાનું દુખ સંભારતો તે સાંભળી મને ઘણો ખેદ થતો પણ ભાઇ શું કરીએ.

મણિલાલ—અરે ભાઇ તે બીચારાને અત્યંત દુખ શું કરે ના ઇલાજ પણ ભાઇ હવે તો તમારામાં રડવા કુટવાની શું રૂઢી ચાલે છે તે કહો તો ઠીક.

ચુનીલાલ—ભાઇ રડવા કુટવાની રીતભાત વિશે તમારે સાંભળવાનું બાકી રહી ગયું તો સાંભળો. અમારામાં જુવાન યા ઘરડો માણુસ માંદો પડે કે ટોળે ટોળાં ગામ ને પરગામનાં માણુસોનાં તેને જોવાને માટે આવે છે હવે માંદા માણુસની આસપાસ પડદો હોય છે તેમાં આવી પેસુ ટોળું બેસે ને ઉપરા ઉપરી ને માંદાને પ્રસ્ન પુછ્યા કરે ને તેને બિચારાને બોલવાની શકિત તો હોતી નથી ત્યારે કાનમાં મોં અડાડી પુછે ને કેટલીક મુર્ખ સ્ત્રીઓ સામસામી વાતો કરે છે આમ એક ટોળુ અર્ધો પોણો કલાક બેશી ઉઠવા જાય એટલે બીજુ ટોળું આવે છે આવી રીતે કરી પડદાની તથા ઘરની હવા બગાડી માંદા માણુસને મરવાના ઉપાય કામે લગાડવા ચુક ખાતાં નથી. આમ તે વધારે માંદો થાય એટલે કેહેસે કે હવે નવરાવો, શું જુઓ છો. એટલે પેલા માંદા બેભાન માણુસને આંચકા ખાતાં લઇ જઇ ટાઢે પાણીએ નવરાવે છે એટલે બીચારો માંદો જેનું શરીર ખરાબ થઇ ગયું છે ને વળી ટાઢે પાણી ઠરી મરવાને તતપર થાય છે એટલામાંતો અજ્ઞાન ટોળું કહે છે કે ભાઇ જલદી ચોક નાંખો નંહીતો મોત બગાડશો આમ રાંડો અને મુર્ખ પુરૂશો બિ

ચારા ઘરના માણસોને પણ કાયર કરી નાંખે છે, ને તેની હિમત ચુકાવી દે છે. એટલામાં તો ટાઢે પાણીએ કરેલા ભીના ચોકામાં સાજાને શરીરે લોહી કાઢે એવો દાભ નાંખ્યો હોય છે તેમાં વળી જવ તલ વિગેરે નાંખેલું હોય છે તેમાં પેલા માંદાને ટાંટીઆ તથા માથુ ઝાલી ટીંગાટોળી કરી નાંખે છે. પછી તેના મોં મોં ગંગાજળ ચો હિસાએ રેલાવે છે તેથી તે બિચારો ગુંગળાઇ તુરત મરણ પામે છે હવે તે મરી ગયો એટલે તેના ઘરના છાલા માણસને ;પણુ ગરી જવા વારો આવે છે કેમકે પછી રો પોકરણુ કરી મરનારને હાઠડીમાં બાંધે છે ને ઘરનાંને કે રાંડનારીને બરાએરી ;સ્ત્રીઓમાં થી કહે છે કે ફલાણીબાઈ તમે ફીકર કરશો નહીં અમે છીએ એટલે તમારૂં જરા દીઠું પાડવા નહીં દઇએ ને કાણુ સારી શોભાડીશું પછી થોડીવારે ઘણા માણસો મળી મરનારને ઓહો કરતા બાળવા લેઇ જાય છે એટલે ઘાઘરીયા પલટણુ ચડે છે તે ચકલે ચકલે કવાયત ભણતાં ભણતાં તલાવ જઇ મરનારની સ્ત્રીના હાથથી ચુંડીઓ ભાગી નાંખે છે ને પાછાં કવાયદ કરતાં કરતાં ઘેર આવે છે ને ભાચડા તેને બાળી તળાવમાં નાઇ ઓહો કરતાં ઘેર આવે છે વળી તે દીન ગયા પછી તો ઉપરા ઉપરી કાને આવે છે તેથી ઘરનાં માણસને ખાવા પીવાને પણ જોઇએ તેટલો વખત મળતો નથી ને બીચારાં ઘરના બૈરાંને તો મરવાનો વખત આવે છે કેમકે કાણુ કરનાર પલટણુ એક આવે ને બીજી જાય છે પણ ઘરનાં તો એનાં એજ. કાણુ કરનાર પલટણુ મરનારને બારણે આવી ચીફ કમાનડર ભણાવે તે પ્રમાણે કવાયદ ભણતાં ઉઘાડી છાતીએ હાયરે મારી હાયરે લારો બોલતાં ને કુદકાસ મારી કુદતાં બૈરીઓ પોસાનું જોર જણાવે છે સા

મળ્યાને વાદે બીચારાં થાકી ગયેલાં ઘરનાંને પણ કુદકારા મારવા પડે છે આમ એક પલટન આશરે દોઢ કલાક રોકાઈ જાઇને બીજી આવે આમ મરનારને પંદર દીવસ થતાં સુધીનો બીચારાંને જંપ વળવા દેતાં નથી ને બૈરાંને ફુરી ફુરી દમ સુળ વગેરે છાતીના રોગો ઉત્પન થાય છે હવે કાણુ કરી જનાર બૈરાં રસ્તામાં વાતો કરે કે ફલાણીને સારૂં કુટતાં આવડતું નથી ને ફલાણીના હાથ તો પાજી ગયી પડે છે ને ફલાણીને તો બોલતાં જરા પણ આવડતું નથી જોને મે કેવાં છાજીયાં વાળ્યાં હતાં. ત્યારે સામી બોલે કે મે પણ એમના ઘરનાં બધાને સંભારો છાજીયું વાળ્યું હતું ત્યારે બીજી કહે કે ફલાણી પણ આપણાં બધાંને સંભારયાં હતાં આ રીતે અતિશય શરમ ભરેલો ચાલ અમારામાં રડવા કુટવાનો છે. વળી પુરૂષો પણ રડતા રડતા ઉડી મળે છે. અરે ભાઈ આવા ખરાબ ચાલ અમારામાં રોવા કુટવાની ઘેલાઇના ભરયા છે જેથી હજાગે નુંકશાન જનમ ભર સ્ત્રીયોને ભોગવવાં પડે છે પણ ભાઇ આ સબંધી કંઈ શાસ્ત્રનું ફરમાન છે કે એ તે એમને એમ લઇ મચ્યાં છે.

મણિલાલ—ભાઇ તમે કેમ પુછોછો. નર્મદાશંકર જેવા વિદ્વાન કવીએ નર્મગદ્યમાં એ બધા વિશય દરસાવ્યા છે. તેથી તથા આ પણા બીજા શાસ્ત્રીથી પણ સાફ માલમ પડે છે કે રોવા કુટવાનો ચાલ છેક શાસ્ત્ર વિરૂધ છે. વળી આપણુ સર્વ હિંદુ કોમના માણસો જાણે છે કે રોવા કુટવાથી મરનાર પ્રાણીને સ્વર્ગમાં અત્યંત દુખ પડે છે. પણ ભાઇ આ જંગલી રીવાજ આપણા હિંદના હતભાગ્યે કોણુ જાણે ક્યારથી ચોટાડયો છે. પણ ભાઇ આ પ્રમાણે તો તમારામાં વિવાહનાં વગાણાં પણ ખુબી ભરેલાં હશે.

ચુનીલાલ—હા ભાઇ એ પણ જોવાને સાંભળવા લાયકજ છે અમારામાં પ્રથમ તો ગણપતિની સ્થાપના કરી પ્રથમ ગોળ ધાલે છે ને માંડવો ખાય છે ત્યારપછી લગ્નને દિવસે ઘર હાંશેટ કરે છે. ને વરના બાપે ઘર હાંશેટ કરયું એટલે વર નાહીં ધોઇને ઘોડે ચડે છે હવે કંન્યાના બાપને ત્યાં કંસાર દાળ ભાતને શાકનાં કઢાયા ચડે છે ને જાન વેવાઇના ગામથી આશરે બેએક ગાઉને છેટેથી ગાડી ગાડાં દોડાવે છે ને કેટલાકના હાથ કોઈના પગ ને કોઇનાં માંથાં પણ નવા જુની થાય છે. ને વખતે સ્વધામપણ જાય છે તેથી વિવાને ઠેકાણે વીલા પડી મોંકણુ માંડવી પડેછે ભાઇ એમ કરી જાન કંન્યાના બાપને ત્યાં આવી ઉપર ઘીથી કંસાર જમેછે. પત્યારછી બૈરાંની કથા ચાલેછે. તેમાં કેટલાંક વરના તરફનાં અને કેટલાંક કંન્યાનાતરફ સામસામી ગીતોની ઝડી મચાવે છે. હવે ગોર કેહેશે કે ભાઈ બેનનો હાથ ઝાલો. તેમાં ગોર ગપાષ્ટક ભણી આઠ પૈસા મંગળાષ્ટકના ને ચાર પૈસા ચોરીના ને નવ પૈસા ગણપતિના એમ કરી બિચારા ઘરનાંને કાયર કરે છે તેઓને ગોરના ધાર્યા પ્રમાણે દામ ન મળે તો લાગણું અચકાવે છે ત્યારે વર કંન્યાના માબાપ આવી ગોરને કરગરે છે ને કહેશે કે મહારાજ અમે તો વાણીઆ ફુલ નહીં ને ફુલની પાંખડી એવાં ઘણાં ગરીબાઈનાં વચન કહે છે તો પણ ભુદેવના મનમાં આવતું નથી ત્યારે બિચારા થાકી ગોરના ધાર્યા પ્રમાણે પૈસા આપે છે ત્યારે ગોર ચલાવે છે તેમાં ગોર એવા શ્લોક બોલે છે કે આ કંન્યાદાન ફલાણા ભાઇ ફલાણા માણસને કરે છે. આ વ-ખતના ઘણા શ્લોક છે પણ ભાઈ તે બધા તમારા જાણવામાં છે માટે મારે કહેવાની કંઈ જરૂર નથી. જુઓ કે કંન્યાના વિક્રય કરે

છે તેના કજીઆ સરકાર ચડે છે તોપણ ગોર કહે છે કે કંન્યાદાન કરયું આવું જુઠું બોલવું ઘણું ગેરવાજબી છે. વળી જેમ તેમ કરી પરણાવી મુકી—વર મરો કંન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો. એ કહેવત માફક એવાં ગપ્પાં છાની રીતે બોલી વર કન્યાને ઉઠાડી મુકે છે. હવે સવારમાં રાત્રીએ કસાર જમી ઘુમ થયેલી આઓ બરોબર તૈયાર થઇ રહેલીઓ હોય છે પછી તે ગોરવ દેવા જાય છે ત્યાં ગોરવ નહીં પણ ગાળો દેવાજ જાય છે કેમ કે તે વખતે તો જુલમ વરતાવે છે. શાથી કે એવાં ફટાણાં ગાય છે કે આબરૂદાર જાતીને સાંભળતાં શરમ લાગે એવાં ઉઘાડે છોગે ગાય છે એવું મરજાદ વિનાનું આપણી આબરૂ વાળીઆની આઓને બોલતાં જરા પણ શરમ લાગતી નથી અરે કેવો જુલમ કહેવાય ત્યારપછી કેટલાએક વિચિત્ર ચાલ પ્રમાણે વરતો ભાગોલે ટકા પહેલા પરણનાર મનમાં જાણે કે હું પરણ્યો એવું સમજી હરખમાં વાજતે ગાજતે પાછા જાય છે આવી રીતે વીવાહમાં પણ ઘણા ગેરવાજબી ચાલ છે. પણ બાઈ આવા અમંગળીક શબ્દો બોલે છે તેના કરતાં સારાં ગાયન બૈરાં કરતાં હોય તો કેવી મજા પડે.

રાગ. માતાજીરે આજ આનંદ મારે અંગેરે.

સૌ બેહેનોરે હરખેથી મંગળ ગાઓરે.
વર કંન્યાનું જય જય ચાહોરે.
સેવા સજ વીપતિની સારીરે.
બોલ બોલવો મનમાં વીચારીરે.
વાણી જાડતે નહી ચાલોરે.
મુખથી ઠાઠ કરી નહી ગાલોરે.

જેથી અપજશ જગમાંહી થાયેરે.
એવો આદરવો નહીં ઉપાયરે.
જમવું ન પતિના પહેલુંરે.
ઉઠી નાવું સવારમાં વહેલુંરે.
ચીર પાતળું કદીએ પહેરીરે.
નવ સંચરવું નીજ સેરીરે.
વાત વહેમની દુરથી તજીએરે.
દુષ્ટ સખીની સંગત તજીએરે.
ગાળા ગાળી કદિએ ન કરીએરે.
કામ વિના બારે નહીં ફરીએરે.
બાળ બાકળની બહુ કરજયોરે.
શીખ આટલી ધ્યાનમાં ધરજયોરે.

રાગ. આપણું અમદાવાદ ઢુંકડાં ત્યાંથી હીર મંગાવો.

ગીત ગાવો બેની માહરી, જેથી આનંદ થાએ.
દિલગીરી દુખ સર્વ તે, મનમાંહીથી જાયે.
કલેશ કંકાશ કદિ તમે, ઘર માંહી ન ઘાલો.
બેડુ ધરી શીર ઉપરે, હાથે તાળી ન આલો.
બાળકને ભલી ભાતથી, ધરી હોંસ ભણાવો.
હુંનર શીખો નવ નવા, જશ જુગમાં જણાવો.
જેઠ જેઠાણી સસુરને સાસુની સંઘાતે.
વિવેકને મરજાદથી, બોલવું રીત ભાતે.
પરૂષ પરાયા સંગમા, ન એકાંતથી રહીએ.
ગુંજની વાત પતિ વિના, નહીં અન્યને કહીએ.

જુઠી ન વાત ચલાવીયે, સમજયા વિન કોની.
આબરૂ ઘણી વધારીએ, સારરે મા બાપોની.
દાંત દેખે કોઈ આપણા, હસવું નહીં એવું.
ધ્યાને ધરો મુજ આટલું, ઘણી હોસનું કહેવું.
રાગ. આવી છે બાણુને માંડવેરે. જાદવ કુળનીરે.
ગાવ બેની ગીત માહરોરે ધરી આનંદ અંગ,
ધ્યાને ધરો શીખ માહરીરે રહો સૈયર સંગ.
ભ્રાત પીતા કે પતિ વિનારે, નહીં રહેવું એકાંત,
જ્ઞાન ઘણી રીતે મેળવીરે કરો તન મન સાંત.
જોબનને જર દેખીનેરે, નવ કરવુ ગુમાન,
જયારે ત્યારે સૌ જતું રહેરે એનું શું અભીમાન.
લાજ તજી મરજાદનેરે. નહીં લઠવું લગાર,
ગાળા ગાળી કરવી નહીંરે એમાં કંઇએ ન સાર.
ભીતી ધરી શીશ ઇશનીરે ધરો નીતી વીવેક,
જુઠો જસ જો કુબાવેતોરે તેવી રાખો ન ટેક.
કંકાસ કંથની સાથમાંરે કરવો નહી લેશ,
લીપી થાપીને વાળી કરીરે, રાખવું ઘર બેશ.
છોટપણામાં છકી જતુંરે નહીં આપણો ધર્મ,
નીતીની વાત વાંચ્યા મહીરે નહી રાખવી શરમ.
જોશી ભુવાને જોગી થકીરે ન ઠગાવું લગાર,
ધન ધુતવાને કારણેરે કરે વાત હજાર.
ખોટી શોભા જણુશો તણીરે કરવી ન વિશેસ,
કોમળ પતિને કુબાવ્યારે પેહેરે આપણો કેસ.

અરે ભાઇ આવી રીતનાં ગીત તમારી આગળ સંભળાવવાં એ બધું ચોદ જાણે તેને ચાર શું સમજાવે એવું છે. માટે વધારે કહેતો નથી.

મણિલાલ—વાહ ભાઇ ધન્ય છે તમારા જેવા પુરૂસો તમારી ન્યાતમાં થોડા ઘણા હોતતો ઝટ સુધારો થાય એવી આશા છે. પણુ ભાઇ હવે તો શ્રીમંત વિસે વાત કહો તો ઠીક.

ચુનીલાલ—ભાઇ હવે એ વાત તમારે સાંભળવાની ઇચ્છા છે તો સાંભળો. અમારામાં કોઇને ઘેર શ્રીમંત આવે છે ત્યારે તો જોવા જેવું ફારસ થાય છે કેમકે શ્રીમંતવાળી બાઇને ત્રણ ચાર તરફથી કાપડાં આવે છે. છતાં ન્યાતનો એવો ધારો છે કે, મહુરતને દિવસે રીસાઇ જવાનો રીવાજ છે તે રીસાયેલી મનાવી લાવતી વખતે કાપડુ પહેરાતુ નથી એવો ચાલ છે. તથા તેના હાથમાં નાળીએર વીગેરે બીજુ કઇ મુકેલું હોય છે. તેના હાથ નીચે તેનો ભાઇ ગમે તો ચાળીસ વરસનો હોય તો પણ પોશ રાખી આખા ગામમાં ફરવું પડે છે. વળી બે સ્ત્રીઓના માથાપર ઉપરાઉપરી બે ગોળા ને તેની ઉપર એક દેગડો ચડાવે છે. તેવું ટોળુ આખા ગામમાં ફરે છે. તે ફારસ જોવાને ચકલે ચકલે માણસો ભેગા થાય છે. આ સિવાય શ્રીમંતના ઘણા ખોટાને સરમ ભરેલા ચાલ છે તે બધા કહેતાં મને સરમ લાગે છે માટે ભાઇ હવે બંધ કરૂ છું.

મણિલાલ—ભાઇ આતો ઘણી ખેદકારક વાત કહી. સાથી કે કાપડું ન પહેરવું ને ભાઇ પોશ રાખી આખા ગામમાં સાથે ફરે ને ગોળા લેવા એ બધા જંગલી રીવાજ આપણામાં રહ્યા છે તે ઘણી ખેદ કારક વાત છે. પણ ભાઇ તમારી વાણીઆની તો જુની ગ્યાતી કહેવાય છે. માટે જનુસે પહેરવાનો ખોટો ચાલ તમારામાં નહી હોય.

ચુનીલાલ— અરે ભાઇ શું વાત કહો છો અમારી ન્યાત ઝાણી માત્ર નામનીજ છે, શાથી કે અમારામાં સ્ત્રીને પુરૂષો હાલ ઘણી કીમતી જણાશી પહેરે છે. તે વિશે અમે અમારી જ્ઞાતીને ની ચે પ્રમાણે હકીકત જણાવીએ છીએ.

રાગ ભરથરી ભ્રાત વિચારી.

હે વણીક બંધુ ન આણુશો ખરી વાતનો મનમાં ખાર.
જે જ્ઞાન વિશે [૨] દુઃખ દાયક ચાલ જણાય.
તેને દૂર કરાવવા તમ આગે કહુ કથાય,
કરી મન વિશે[૨] જો જોશો આપ વિચાર.
ખોટી એ શોભા વિશે નહો દેખો ત્યારે સાર.
કદિ જણુસ કરો [૨] લઇ દામને એક હજાર.
વરસે નેવું બ્યાજના તેરોખ આના બાર.
વળી જણુસ થકી [૨) છે જીવતણું નુંકશાન.
માટે જણુરા પહેરવામાં સમજો છે નહીં માન,

આવી રીતનો અમારો હેતુ હમેશાં જણાવીએ છીએ કેમકે જણુસ પહેરવાથી ઘણી પ્રકારનાં નુકશાન છે તે બધાં તમારા જાણુવ બાહેર નથી પણ જુઓ કે જણુસ પહેરવાથી કલેશ કંકાશ હમેશ ચાલ્યા કરે છે ને કોઈ દિવસ સુખેથી સુતા વારો આવતો નથી મા જણુસ પહેરવાનો ચાલ પુરૂષો બંધ કરે તો ઘણો ફાયદો છે ને દાપી સ્ત્રીઓ થોડુંઘણું ગરેણું પહેરે તો ઠીક છે પણ સમજુ પુરૂષોએ તો બીલકુલ જણુસ પહેરવી નહીં જોઇએ આ બધા રીવાજ અમારી જ્ઞાતીના જણુાવ્યાં તે બધા તો મેં પ્રથમ જણાવ્યુ કે શ્રીમદ ભાગવતના પ્રથમ સ્કંધના પહેલા અધ્યાયના એકજ શ્લોકની બીના

છે આ સિવાય ન્યાતનુ જમવું શોક વાળાને ઘેર પીરસણ હાંક વુ પોગળ પંથમાં મચ્યા રહી મીથ્યા ડોળ દેખાડવો એ બધી વાતો તો કહેતોજ નથી.

મણિલાલ—ભાઇ આ બધા તમારી જ્ઞાતીના ચાલ જણાવ્યા તે ખરૂં પણ ભાઇ હવે તમારી જ્ઞાતી કયે પાયે ચાલે તો સુખી થા ય ને કૃપા કરી જણાવો તો ઠીક.

ચુનીલાલ—ભાઇ મારો હેતુ પણ એવોજ છે કે આમાં જે જે દુ:ખ દાયક બીનાઓ બતાવીતેને સુધારી ચાલે તો તેથી જ્ઞાતીના ચડતી કળા થાય ને અમારૂ ભલું થાય. ભાઇ હું અમારી જ્ઞાતીનું સ દા શુભ ઇચ્છુછું પણજો તેમના દોશ જણાવીએ નહીં તો તેમને સુ ધરવાનું ચોત થાય નહીં માટે આ પ્રથમ ખોટા રીવાજ જણાવ્યા છે ને હવે સુધારો કરવા વિશેની વાત કરીએ છીએ ભાઇ મારો મ ત એવો છે કે આપ ઘણા સમજુ સુધરેલ ને વિદ્યાભ્યાસી છો માટે આપ કૃપા કરી જણાવો કે ક્યા પાયાપર હવે ચાલવાથી અમારી જ્ઞાતીના માણસો સુખી થાય ને સર્વને સમાન લાભ મળે.

ભાગ ૨ જો

સુધારવા વિસે.

મણિલાલ—ભાઇ તમારો મત એવો છે કે હું કલ્પના કરૂ ને પક્ષપાતથી થાય માટે મારે મોઢે કહેવરાવો છો તો ઠીક ભાઇ હું કહું સાંભળો કે તમારી ગ્નાતીમાં બીજી ગ્નાતીની કંન્યા લાવ્યાનો ચાલ નથી તે વિશે મારો મત એવો છે કે જે દશા શ્રીમાળી તે ત થા તમે થોડી પેડીએ એક થાવ છો તેમની કંન્યા લાવવાનો ચાલ તમારી ગ્નાતીના સમજુ માણુસો મળી હતો ને પાડતો એથી ઘણો ફાયદો થાય ને ગ્નાતીની વૃધી થાય ને ગ્રહસ્થ લોકોને ઘેર પણ આ વ ખતે તાળાં દેવાય છે તે બધ થાય ને લોકો સુખી થાય વળી તેમ ની કંન્યા લાવતાં શાસ્ત્રનો કોઇ પણ પ્રકારનો બાધ નથી ને તેના ઘણા શ્લોક મારે મોટે છે કે બાણે બપતી ગ્નાતીની કંન્યા આપતો એ અણાય તથા ઇતિહાસીક દાખલા પણ એવા અપાર છે માટે આ પ્રમાણે વરતે તો સુખી થાય આશાછે કે હવેથી સમજુ પુરૂષો મળી આ ધારો અમલમાં આણુશે ને લોકોને તથા પોતાને સુખનાં સાધન સોધશે ને બનતા પ્રયત્ન ન્યાત સુધારવા કરશે ને કરો. એવી મારી આશીશ છે કે તમારી ગ્નાતીનું સદાસુખ થાવ ને દિને દિને ચડતી ક ળા થાવ.

૨—બીજુ તમારી ન્યાતનો માણુસ જે કાઠીઆવાડની કંન્યા લાવ્યો તે ઘણુે ભાગે તેણે સારૂ કામ કરયું કહેવાય ને તેને ધન્ય છે કેમકે તે બીજી ગ્નાતીની કંન્યા લાવવામાં અગ્રેસર થયો એ સારૂ કા- મ છે છતાં તેના કરવાથી ન્યાતીની ડોળાડોળ થઇ છે તે ઘણું ખો

ડું થયું છે અને તે કંન્યા આણી માટે ન્યાતમાં ઘણો ગોટાલો પેઠો પણ શું કરે ના ઇલાજ તે બિચ્યારો કયાં જાય માટે ખરા મતમાં ગ્નાતીલાએ આવો દવેશ રાખવો ખોટો છે માટે વિચાર કરી તેનો બંદોબસ્ત વેળાસર કરશો કરશો.

૩—ત્રીજુ પેલા મહેમદાવાદીએ અમદાવાદીની કંન્યા હરણ કરયાની પેઠે કરી પરણ્યો તે કામ તેણે ઘણું શરમ ભરેલું કરયું છે ઙતા એ વાત તેને ઇસ્વરેજ સુઝાડી હોય એમ લાગે છે કેમકે સામઍવા અમદાવાદીના કપટનો બદલો તેને મળવો જોઇએ તે પ્રમાણે થયું છે તેથી મહેમદાવાદીએ આની પ્રશંશા કરવી જોઇએ પણ ઘણું શરમ ભરેલુ કામ કરયું છે.

૪—આપણા શાસ્ત્રમાં કહ્યુ હે કે.

अष्टवरशेभवेगौरी नववरशेचरोहीणी ।
दशवरशेभवतेकंन्या उर्ध्ववरशेरजस्वला ॥

બાઇ આમાં એમ કહ્યુ કે આઠ વરસની કંન્યા તે ગૌરીના સમાન છે. ને નવ વરસની કંન્યા રોહીણી જેવી છે. ને દસ વરસે કન્યા થાય છે. તો ઉપરાંતના વરસ પહેલું તેનું લગ્ન થવું ઘણુ ગેરવાજબી છે તેમાં તમારી ન્યાતવાલાઓએ તેર માસની કંન્યાનો વીવાહ કરવો એ ધારો દરયો તે શાસ્ત્ર વિરૂધને બહુ ખેદકારક વાત કહેવાય. માટે એના સબંધી યોગ્ય વીચાર કરે તો ઠીક અને જે મફત આપવી ને મફત લેવી એ ધારો કરયો તે ઠીક છે. પણ આવા કંન્યાના ટોટામાં એ ધારો નભી શકે એમ નથી. કે એ ધારા વિસે આપણા શાસ્ત્રમાં ઘણું લખ્યુ છે કે કંન્યા વિક્રય નહી કરવો.

માટે મારો મન એવો નથી કે એ ધારાને અમલમાં ન આણવો. પ-ણ કન્યાના કાળે તે ધારો ચાલી શકે તેમ નથી. માટે ખુટતી કન્યાઓ બીજી જ્ઞાતીમાંથી લાવ્યાનો રીવાજ રાખી પછીથી. મફત આપવી ને મફત લેવી એ ધારો કરે તો ઠીક છે. ને ત્યારેજ એ ધારો નભી શકવાની આશા રખાય છે.

૫—વિશેશમાં તમારી જ્ઞાતીના અમદાવાદી ને મહેમદાવાદી વચ્ચે તડાં છે. તે સબંધી હુ એમ કલ્પના કરૂછુ કે તમારી આવી ટુકી જ્ઞાતીની અંદર તડાં પડયાં તેનુ કાંઇ કારણ હોવું જોઇએ. પણ આવી ટુકી ન્યાતમાં કજીઆ કરી અણબનાવ કરવો. એ ઘણું ખોટુ કહેવાય. માટે તેમના લાગતા વળગતાએ તેઓનું મન મ-નાવી વેળાસર ખુલાસો કરવા ઉપાય કરવો જોઇએ છતાં તેમની ધ્યાનમાં ન ઉતરે તો પછી આપણે આપણો વાડો વાળવો ઠીક છે. મા-ટે તે વાતમાં ઢીલ કરવી નહી.

૬—હવે તમારી ન્યાતમાં માંદા માણુસને જોવા સારૂં જાય છે તે સબધી મારૂં કહેવું એવું છે કે જોવા જાય તો ભલે પણ પુરૂષો એ માંદાના ઘરના માણુસને પુછી પાછા વળવું પણ માંદા માણુસ પાસે જઇ ત્યાંની હવા બગાડવાથી માંદાને ગેરફાયદો છે તેમજ તમારામાં જે ભોંય નાખવાનો ચાલ છે તે ચાલ આપણા હીંદુઓમાં ઘણે ભાગે છે માટે ભોંય નાંખવું ખરૂં પણ માંદાને જ્યારે એકાદી હેડકી આવે ત્યાર પછી ચોકાપર કાંબળો પાથરો ધોરે રહીં ભોંય ઉતારવો ને ગંગાજળતો નવરાવ્યા પછી પાવું પણ માંદાના મોંમાં ચોકાની અંદર ગંગાજળ રેલાવે છે તેથી મુંગળાઇ તે બીચારાનો જીવજ નીકળી જાય છે માટે ચોકામાં તો બે ટીપાંજ તેના મોંમાં મુકવાં જો

ઇએ અને રડવા કુટવાનો ચાલ પણ આપણા હીંદુઓમાં ઘણે ભા ગે છે તે ઘણો ખોટો છે તથા અતિશય શરમ ભરેલો છે પ્રથમના જમાનામા રડવા કુટવાના ચાલ હતા નહીં તેમજ આપણુ શાસ્ત્ર પણ સાફ મના કરે છે માત્ર એ સબંધી એમ કલપના કરવામાં આવે છે કે જયારે મરનારને ઘેર અન્ય માણસો મળવા જાય તેને દેખી પોતાનું દુઃખ સંભારો પોચા કાળજાનો માણસ રોતો હશે તે- થી પેલા સામલ્યાને પણ રડવું આવતું હશે આમ થતાં તો દિવ ને દિવસે ચાલ વધી ગયો તેથી મારા ધારવા પ્રમાણે ઉપરાઉપરી કાણે આવવાનું ને કુદકારા મારી બૈરાંએ કુટવાનું તથા ખાલી ગ પાં મારવા નો રીવાજ કમી કરવા જેવો છે વળી રાજીઆ છાજીઆં ભાટડીઓ પાસે કહેવરાવો ખોટી શોભા દેખાડે છે તેથી ભાટડીઓને મફતના અરધા આપવા પડે છે એ પણ બહુ ગેરવ્યાજબી ચાલ છે બીછે વળી કાણુ કાઢતી વખતે મરનારના ઘરથી ગણગણાટ કરતાં બહરાં નીકળી ચકલે ચકલે ઉભાં રહી ઉઘાડી છાતીએ કુદીકુદીને કુટે છે તે ચાલ કેટલો બધો નુકશાનકારક ને કેવો શરમ ભરેલો છે. માટે આ ચાલ તુરત બંધ કરી માત્ર રડતાં રડતાં તળાવે જઇ ના- હીને પાછાં આવે તો ઠીક છે. વળી પુરૂશો રડતા રડતા તળાવ જ- ઇ નાહીને પાછા આવે તો ઠીકછે. વળી પુરૂસો રડતા રડતા ઉભા થઈ મળે છે તે પણ ઘણું ખોટુ છે. માટે પુરૂશે રડી રહી પાછળથી મળવું ઠી ક છે. તે પણ એવી રાતે મળવું જોઇએ કે બંને હાથ ભેગા કરી મ- ળવુ પણ બાથંબાથા કરવું તે નાલાયકછે. માટે આ વાતપર વિશેસ લક્ષ આપવું જોઇએ. તેમજ આપણા હીંદુઓ જાણે છે કે રડવા કુ ટવાથી મરનાર પ્રાણી કેવો દુખ પામે છે.

૭—વળી વીવાહકર્મ વીશે એમ જણાવુંછું કે ગ્રહશાન્તી ક-રાવનાર તથા કરનાર વિદ્વાન નહી હોવાથી ઘર હાંશીટ કરયા બરો બર છે. વળી જાનમાં દોડાદોડ કરાવ્યાથી માણસ ગાડી ઘોડાને બળ દને પણ ઘણુ નુકશાન થાય છે. માટે જાનની અંદર થોડા માણસો તથા થોડા ગાડી ઘોડા ને તે પણ આસ્તે આસ્તે જાય ને આસ્તે આ સ્તે આવેતો ઠીક; વળી જાનની અંદર બઇરાંને જવાનો ચાલ છે તે તો ઘણી ખેદ કારક વાત છે પણ શું કરે મોંઘા બઇરાંને કાલા શેઠીઆ હાથમાંને હાથમાં રમાડે છે તે બૈરીઓ તેમના ધણીનેજ મા થે ધુળ નાખે છે ને કુળને લાંછન લગાડે છે વળી અણ સમજુ ગોર ગધેડીઓ ચારે તેવા હોય છે તે બોલે છે કે ભાઈ બેનનો હાથ ઝાલો આવા ગોરના ઘણા દોશ મારા જાણવામાં છે વળી ગોર લો ભીસ્ટને લુચ્ચા પણ ઘણા હોય છે તેથી બીચારાજી જજમાનને કન ડે છે તેના સબધી ગ્નાતીગ્નાઓએ ઘટારત બંદોબસ્ત કર વો જોઇએ. વિશેશમાં બઇરાંને ફટાણાં ગાવાનો ચાલ છે તે આપ ણી ઉંચ ન્યાતને લાંછન લગાડનાર છે તેને માટે બૈરાંએ માંગળીક ગીતો ગાવાં તે વીશે ઘડારત બંદોબસ્ત કરવો વળી નાતમાં જ મવામાં મીથ્યા ડોળવાળા માણસો પોતાનું છકેલ પણું ને હલકાશ બતાવવા તોફાન કરે છે તેથી બીચારાના ખરચેલા પઇશા અનારથ જાયછે વળી ખરચ કરવામાં પણ આપણી ઝીણી ગ્નાતીએ ઝાઝો વિ ચાર રાખવો ને પીરસણુ આપવાનો ચાલ છે તે ઘણો ખોટો છે માટે તે બંધ કરવો જોઇએ.

૮ વળી સીમંત-સંસ્કાર વિષે એમ કહ્યું છે કે હાલનો ગયા ઘ ઘણો ચાલ એ ઘણો ભારે ભરેલો છે ને તેથી નુકશાન છે. તે-

માં વળી પાંચ હજારનાં આભુષણુ પહેરે ને કાપડુ ન પહેરે તે અ-જ્ઞાનતાઈ ભરેલો ચાલ છે, વળી માથે મોટા મોટા ગોળા લેવા એ પણ જંગલી રીવાજ છે તથા બાઇ શ્રીમંતવાળી બાઇનો હાથ ઝાલી આખા ગામમાં વાજતે ગાજતે ફરે, એ ઘણી શરમ ભરેલી વાત છે. આ વિષે હું એમ કહેવા જરા પણ આંચકો ખાતો નથી કે આ રીવાજ હાથે કરી સ્ત્રીઓની શરમ મુકાવનાર છે અને હાથથી સ્ત્રીઓને ઉપાય બતાવવા જેવી વાત છે માટે મારૂં કહેવું એવું નથી કે એ ચાલ બંધ કરવો પણ પાટીદારની પેઠે બેઠો ખોળો ભરે તો ઘણું સારૂં.

૯ વળી આપણી ન્યાતમાં પુરૂષો તથા સ્ત્રીઓ ઘણાં કીમતી ઘરેણાં પહેરે છે તેથી ઘણું નુકશાન છે વળી એથી એક પણ પ્રકારનો ફાયદો હોય એવું શીદ્ધ થતું નથી. કદાપિ સ્ત્રીઓ થોડું ઘણું ઘરેણું પહેરે તો ઠીકછે કેમકે તેના રૂપથી તથા જ્ઞાનથી પોતાના પતિનું મન રાજી રાખવું એ તેનો મુખ્ય ધર્મછે, માટે સમજુ જ્ઞાતીએ ઘરેણુ પહેરવું ઘણું નાલાયક છે તથા સ્ત્રીઓને પણ વધારે ઘરેણું પહેરવું એવી છુટ હું આપતો નથી.

૧૦— વળી તમે આગળ જણાવ્યું કે ધર્મના વિશયમાં ઘણી દીલગીરી ઉતપન થાય છે. અને એ વાત કોના મોં આગળ કહીએ કેમકે ખરી વાત બતાવતાં અજ્ઞાની આખલા મારવા આવે છે. પણ બાઇ હું તો જણાવું છું કે આપણા મરજાદી મંદીરોની અંદર દરસન કરવાનો ચાલ છે. તેમાં ઘણી ખામીઓ છે. કેમકે સ્ત્રીઓ અને પુરૂષોને દરશન કરવાને માટે એકજ દ્વાર હોય છે. તેથી માણસની એટલી તો ગરદી થાય છે કે, વખતે કોઇનો જીવ પણ જાય.

પણા ત્યાં લુચ્ચા પુરૂશો તથા લુચ્ચી સ્ત્રીઓને વાતચીતના વાયદા ફુટવાનો પ્રસંગ મળે છે. માટે આ ધર્મ વિશે વધારે વાત કરવા હું ખુશી નથી. પણ મુખ્ય સ્ત્રીયો ખભે કાપડાં નાંખી પહેરતી પહેરતા દરશનનું નામ દઇ દોડે છે. આથી વીશેશ ધર્મના સબધમાં કહેવું લાયક નથી. પણ આતો સીદ્ધ છે કે આવા દરસનથી જરા પણ ફાયદો થતો નથી. પણ માત્ર મંદીરમા જઇ ક્રસનક્રીઆઓ કરના શાખે છે. માટે સમજુએ આ સબંધી ઉંડો વીચાર કરવો જોઇએ. કેમકે આ પ્રમાણે વર્તવાથી ધરમને પણ લાંછન લાગે છે.

૧૧ વળી તમારી ન્યાતમાં પટેલ નથી તેથી ઘણા ગેરફાયદા છે. તે બધા સર્વના જાણવામાં છે. માટે હું વિશેશ કહેતો નથી. પણ જુઓ કે ઘરમાં પણ મુખ્ય માણસ ન હોય તો ઘર કેવું. તેમજ ગામ દેશ વીશે ગણુ પટેલને રાજા હોય છે માટે ન્યાતમાં અવશ્ય પટેલ હોવો જોઇએ. માટે જો સમજુ સુધરેલને સાદા પાચ ન્યાતના પટેલ હોય તો સારૂ વલી એવાને પણ પટેલ નહીં નીમવા જોઇએ કે ફલાણાના બાપે તો ગધેડી મારો હતો માટે એને પટેલાઇ આપવી પણ માત્ર વિદ્વાનને સાદા માણસને આપવી. બાઇ બમેલ બબકાદાર કરતાં સાદો સુધરેલ સારો. આ વાત ધ્યાનમાં લેઇ આ ન્યાતીના માણસોએ અવસ્ય પટેલ નીમવા વેળાસર વિચાર કરવો જોઇએ એ મારૂ કહેવું છે.

ચુનીલાલ—ભાઇ આ બધી વાત આપે દરશાવી તે કેવળ નીપક્ષપાતી છે તથા આપના વિચારો ઘણા ઉત્તમ છે પણ આપ કવિછો માટે જો ગાયનમાં સમાવી સમસ્ત માણસોને ફાયદાકારક હકીકત જણાવો તો ઠીક.

મણિલાલ—ભાઇ તમારી પરોપકાર બુધી જોઇ હું ઘણો મગ્ન થયોછું પણ હવે તમારા ફરમાન મુજબ ગાયનમાં સુધારા વિશેની હકીકત જણાવુંછું તે સાંભળો.

રાગ. ધીક ચુવારે ધીક મુજને.

મણીલાલ—હિત વચન હઇયે ધરો, જેથી સુખ ઘણું થાયજી;
અલ્પ બુધીના પ્રમાણમાં, બતાવુંછું ઉપાયજી.
શાણા સમજશે શાનમાં.
વાત વિચારો વિદેશની, પછી બોલજો બોલજી;
સુખ દુખ બેઉનાં તપાશીને, કરો મન માંહી તોલજી.
શાણા સમજશે શાનમાં.

ચુનીલાલ—ગ્નાતીલાને સુધારવા. કરૂ કોટી ઉપાયજી.
દુઃખ દિલે ધરશો નહી. તેનું સમજુ સદાયજી.
સુધારો સુખીયા કરો.
રૈયત દુઃખી રાયની હશે તો તો કરશે ફરીયાદજી,
તેમજ દેખી દુખને સુણો ગ્નાતીલા દાદજી.
સુધારો સુખીયા કરે.

મણિલાલ—કુળ જોઇને કદી તમે. નવ કરશો વીવાયજી.
સરખે સરખા ખોળીને પછી આપો કંન્યાયજી.
શાણા સમજસે સાનમાં,
કંન્યા લાવો કોડે કરી. બીજી ગ્નાતીની ભાઇજી.
દુઃખી થવું ન હાથે કરી. આ છે સરેષ્ટ ઉપાયજી.
શાણા સમજસે સાનમાં.

ચુનીલાલ—સુધારામાં આગે પડે. તેને કહોને શાબાસજી.

સુખ થવા સહુને પછી. રહે મન માંહી આસજી.
સુધારો સુખીયા કરો.

કુડ કપટ કરવું નહી. રાજી એમ. નઇશજી.
કપટ તણું ફળ આપસે. ન્યાય છે જુગદીશજી.

સુધારો સુખીયા કરે.

મણિલાલ—બાળ વિવા વણસાડતાં સુખી થાય સહુ જનજી.
કલેશ કરો નહી ન્યાતમાં; આવે સુખના દનજી,
શાણા સમજશે શાનમાં.

વહેમ તજો વિગતે કરી, નથી એ મહી સારજી;
દેખુ દુઃખી આ વહેમીને, મારી નજરે અપારજી;
શાણા સમજે સાનમાં.

ચુનીલાલ—મીથ્યા ડોળ મુકી દઇ, ભણો વિવિધ વિદ્યાયજી;
હુંનર જે નરને નહીં, તે તો ખર એ કહેવાયજી;

સુધારો સુખીયા કરો.

દેવુ કરતાં દિલે ડરો, વરા કરતાં વિચારજી:
ખોટા જશ એ ડુબાવશે, ડુબ્યા દેખ્યા હજારજી;
સુધારો સુખીયા કરો.

મણિલાલ— છંદ વસંત તીલકા

ધારી સુધારી સહુ, હાથથી યાર રીતી;
દો શુભ જ્ઞાન બહુ, બાળને રાખો પ્રીતિ;
હુંશે કરો દિન દિને, હુંનરો હજારો;
અજ્ઞાન ખાંણુ હણવા, સુમતિ વધારો; ૧
૨ હિંદુની સહુ સીધી કરી પાય આળી,

તો એ નહી વિસરતા લવકુટ ખાલી;
આવે સમુદ્ર તરતાં તવ હાથ આરો.
અજ્ઞાન ખાણ હણવા સુમતિ વધારો, ૨
રે રે વિદેશ વિચરી વીર વિશ્વ ઝાંખો
ત્યાંના રીવાજ નીરખી દૂર દુષ્ટ નાંખો.
વાતો કદી મન નહી વહેમી વિચારો,
અજ્ઞાન ખાણ હરવા સુમતી વધારો; ૩
નેકી વિવેક નવ નવી નીત વાત વાંચો.
તે માહીથી શુભ ગુણો મન માંહી સાંચો,
નહીં તો નહીં દુઃખ તણો કંઇએ કીનારો;
અજ્ઞાન ખાણ હણવા સુમતી વધારો. ૪
વેસ્યા તણા ભુવનને ભાઇઓ તજો તો,
સંસાર સુખ સહુ તણી પડશે મજો તો;
એ દામને સહુ હણી કરશે નકારો.
અજ્ઞાન ખાણ હણવા સુમતિ વધારો, ૫
જે જે રીવાજ સહુ ન્યાતથી દુઃખ કારી;
જેના થકી જન ઘણા મળતા ખુવારી,
તે તે બધા સહુજનો મળીને સુધારો,
અજ્ઞાન ખાણ હણવા સુમતિ વધારો. ૬

ગાંજે જુઓ ઘર ઘણા જનનાં ઘલાવ્યાં,
ભાંગે ભવીસ હણવા જહાજો ચલાવ્યાં;
ધ્યાને ધરો વ્યસનીને અફીણી અપારો,

અજ્ઞાન ખાણુ હણુવા સુમતિ વધારો. ૭
શાળા વિશે શીશુ અને બગની ભણુવો,
દેશી વિદેશી વિગતો જુગતે જણાવો;
દારીદ્ર દુઃખ તન તમો તનના નીવારો,
અજ્ઞાન ખાણ હણુવા શુમતિ વધારો. ૮
રે બાળ લગ્ન લખવશા નહીં લાભ કારા,
નઠારા રીવાજ ઝટ હવે એહેવા વીદારો;
હે [illegible] આથી કહુ શબ્દ ખારો,
અજ્ઞાન ખાણ [illegible] સુમતિ વધારો. ૯

[illegible] ઘણા અજ્ઞાનીઓ પોતાની દીકરીઓને [illegible] ના ભણા ગેરફાયદા છે માટે સમજુએ પોતાની [illegible] બાળક ભણાવવા ચુકવું નહીં. ઘણા બેહેમી એમ જાણે [illegible]ક ભણાવવાથી સ્ત્રીયોમાં અનાચાર ઉતપન થાય છે. પણ એ વાત ખોટી છે. વિદ્યામાં અપલક્ષણુ હોતુ નથી- એમાં માત્ર કોઇ ખરા[illegible] નીવડે તેનું કારણુ એમ છે કે તેનાં માત પીતા વા સાસરીયાં. કે સંગતના માણુસો ખરાબ હશે તો તે ખરાબ નીવડશે. પણુ ભણેલી ઘણે ભાગે નઠારાની સંગત કરતી નથી. તેમજ અભણુમાં અનાચારની વૃધી વિશેશ જોવામાં આવે છે. વળી ભણેલાં માતપિતા હોય તો તેની અસર છોકરાને થાય. તેમાં છોકરાંને પિતા કરતાં માતા પાસે રહેવાનું વીશેશ થાય છે. માટે જો મા સારી હોય તો છોકરાં પણ સારા નિવડે એમાં સક નથી. માટે દીકરીઓને અવસ્ય ભણાવવી જોઇએ.

વિશેસમાં કેટલા એક માણસો પોતાની સ્રીને ગુલામની માફ્ક ગણે છે. ને તેમને આઠે પહોર કેદમાંને કેદમાંજ રાખે છે. બિચારીને હરવા ફરવાની જરાપણ છુટ મળતી નથી. શું એમ સ્રીઓ જાળવી શકાય ખરી કે? મારૂ કહેવુ એમ નથી કે સ્રીઓને અઘટીત છુટ આપવી પણ જોઇતી છુંટ મળવી જોઇએ. વળી કેટલીએક તો નાની ઉમરમાં એટલે એક સંતાન થયું હોય છે એવામાં નસરમીઓ છોકરાને કેડમાં ઘાલી ગામમાં યા પરગામમાં રઝળવા જાય છે. તે ઘણુ ખોટુ છે. બસ ભાઈ હવે હુ બંધ રાખુ છું.

ચુનીલાલ—વાહભાઈ આપના વીચાર ઘણા ઉમદા જોઈ જેવું મારૂ મન પ્રફુલીત થયું છે. તેવીજ રીતે આશા રાખવામાં આવે છે તે વાંચક વૃંદનું પણ થશે.

જ્ઞાતીની સમક્ષ.

અરે વણીક મારા વહાલા બંધુઓ આપણી જ્ઞાતીની દુઃખદાયક રીતો જોઇ મારા મનમાં ઘણા કાળ સુધી કલેશ આવતો સમાવી રાખેલો પણ હવે તો ઝાઝા રીવાજ ન્યાતીને દુઃખ કરે તેવા લાગ્યા તો મેં મારી અલ્પ બુધીના પ્રમાણમાં મારા વહાલા મીત્રની મદદથી આ પુસ્તકની અંદર સઘળી બીનાઓ દાખલ કરી છે ભાઇ હુ આ બધી બીનાઓ કેવળ નીસપક્ષપાતથી તથા પરોપકાર બુધીથી મેં આપની સમક્ષ દર્શાવી છે આ પુસ્તક વાચી તુરત દુર મુકી દેવા જેવું મેં રાખ્યું નથી પણ આના દરેક વાકયનો ગુહ્ય ગર્ભ વ. રંમવાર વિચાર કરવા જેવા રાખ્યા છે જયારે આપણી જ્ઞાતી જાગ્રતી ત્યારે હું આ બીનાઓ જાહેરમાં મુકવા ઈચ્છા રાખતો હતુ કેટલા એક પ્રકારની અડચણોથી તે કામ થતું નહીં

રાગ પુરણ થયો છે ખેલ.

વિનતી ધરજો ધ્યાન, જ્ઞાતીલા બંધુ વિનતી ધરજો ધ્યાન.
કુધારાને દુર કરયાથી મળશે ઝાઝુ માન, જ્ઞાતીલા. ૧
વિનતી મારી મંન ધર્યાથી, તજશો એ છે અનુમાન. જ્ઞાતીલા.
પોગળ પંથથી દુર રહીને ભજજયો, શ્રી ભગવાન. જ્ઞાતીલા.
વહેમ તજો વારે વારે કહુછું, વિચારી કરો પુન્યદાંન. જ્ઞાતીલા.
બાપુજી સુત સમસ્યા કહે તે, નહીં સમજે નાદાન. જ્ઞાતીલા.
ચુનીલાલ ચીત ચરણુ ધરી, મણિલાલ કહે ગુણવાન. જ્ઞાતીલા.

જ્ઞાનની સાથે ગમત આપનાર.

રાગ- અરેરે કહેતો વેરાગણ થાઉરે ઢુંઢણો-

અરેરે ભુંડી રાંડોની ભત્રાઇરે. લાલજી. દેશે વીદેશે ગવાઇરે લાલજી.
કહ્યું માને નહી કંથનું. કામની જાત કુજાત.
કામની તેહ નકામનીરે. ધીક્ર જણનારી તેની માતરે. લાલજી-
પરનરનું દીલ તાણવા. દામની ઝગકે જેમ.
કુભારના તે કામનીરે. સહુ જગત કહે છે એમરે. લાલજી. અરેરે.
કામની જે ઘર કામની કરે નહી દરકાર.
કામની નહી તે હરામનીરે. જેનુ વાતોમાં દીલ બહુ વારરે. લાલજી.
કામની તજીને કંથને રમે જાર જુગાર.!
વેરી તે કુળ તમામનીરે. કહી માથાની એ કપાવનારરે. લાલજી.
શંખણી જાતી જગતમાં ઉપજી આજ અપાર.
વઢવાઢ વહોરે ગામનીરે. સદા કતવ એ કરનારરે. લાલજી.

કામની જે ગજ ગામની સંપી રહે નરનાર.
સ્તુતી કરૂ સુ એમનીરે ધન્ય ધન્ય છે તેનો જણનારરે. લાલજી

ભાઇ હવે તો મેહેરબાની રાખજયો. ને છેલ્લા રામ રામ. વળી તમારો કૃપા હશે તો ફરી થોડે દાહાડે મારા જેવો મારો ભાઇબંધ આવશે.

છેવટે આ અમારૂ કાવ્ય. સમાપ્ત કરતાં પહેલાં. દિલગારીની સાથે દરસાવવું પડે છે કે. આ પુસ્તક બાહાર પડયા બાદ થોડી મુદતમાં કંઇ સુધારો થયો માલુંમ નહી પડે તો વિશેશ વીચાર કરવાની ફરજ પડશે. અંતે સર્વ શકિતમાન સર્વગ્ન. સર્વવ્યાપક. સર્વાન્તરયામી અને શ્રયદાતા પુનીત પરમાત્માની પ્રાર્થના પુરવક સ્તુતી કરી યાચીએ છીએ કે હે પ્રભુ આ ગ્નાનીની દીનપ્રતિદિન તું ચડતી કર. ઇતિ સુભં. સંપુર્ણું.

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોના નામ.

પાદરા.

૫ ચુનીલાલ પીતાંબરદાસ
૫ લલ્લુ પરસોતમદાસ
૧ રા. રા. વેણીલાલ જગજીવનદાશ
૧ રા. રા. વીઠલ જગજીવનદાશ
૧ તરવાડી ચુનીલાલ દામોદરદાશ
૧ શા. નાથાભાઈ વરજલાલ
૧ શા. જેઠાભાઇ ધરમચંદ
૧ શા. મથુરભાઇ પરભુદાસ
૧ શા. માણેકલાલ ગીરધરદાસ
૧ શા. નરશીદાશ મોહોલાલ
૧ શા. કેશવલાલ સેવકલાલ
૧ રા. રા. કેશવલાલ રણછોડ
૧ રા. રા. ભાઇલાલ ગીરધર
૧ મી. છોટાલાલ કેવળદાસ
૧ સોની લલ્લુ જગજીવનદાશ
૧ ગાંધી નરોતમ જવેર
૧ વકીલ છોટાલાલ નાહાલચંદ
૧ રા. રા. લલુભાઇ હરગોવનદાશ
૧ રા. રા. કેશવલાલ ત્રીભોવનદાશ
૧ વકીલ દલપતભાઇ લલુભાઇ
૧ વકીલ નંદલાલ લલુભાઇ
૧ રા. રા. કસ્તુરભાઇ બાપુજી

તારાપુર

૧ શા. છગનલાલ નરોતમ
૧ શા. દામોદર નરોતમ
૧ રા. રા. મગનલાલ લક્ષમીરામ
૧ શા. મુળજી ફુલચંદ
૧ શા. વરજલાલ મુલચંદ
૧ શા. સોમચંદ ખેચરદાસ
૧ શા. મનસુકલાલ ડાહયાભાઇ
૧ રા. રા. હીરાભાઇ જવેરભાઇ અમીન.
૧ રા. રા. સીવાભાઇ જવેરભાઇ અમીન.
૧ કણબી મથુર જીવાભાઇ
૧ સોની ચુનીલાલ મોતીરામ
૧ બારોટ પેહેલાદ નથુભાઇ
૧ રા. રા. હાથીભાઈ જીજીભાઇ
૧ સોની જવેર નરભેરામ
૧ વોહોરા બાબર તાજાભાઇ
૧ ગોર. મણીલાલ નભુરામ
૧ રા. રા. બાલાભાઇ જાદવરાય વલાટી
૧ શા. સીરાજ અમરશી

અહેમદાવાદ

૫ રા. રા. કેશવલાલ સાંમળદાસ
૨ રા. રા. પરસોતમ ચુનીલાલ
૨ રા. રા. છોટાલાલ વેણીલાલ
૧ રા. રા. રણછોડદાસ ગીરધરદાશ
૧ ડાકટર ભઇશંકર અણુપતરામ
૧ મોદી ચુનીલાલ ઇશ્વરદાસ
૧ પરી. મુલજીભાઇ વીઠલદાશ
૧ પરી. ચુનીલાલ ભોગીલાલ
૧ રા. રા. શંકરલાલ હરીલાલ

મંજુસર
૫ રા. રા. કેશવલાલ ગંગાદાસ
૧ શા. છોટાલાલ શીવલાલ
૧ રા. રા. મોહોલાલ કાલીદાસ

અલીણા
૫ મજમુનદાર નરશીલાલ મોહોલાલ
૧ મજમુનદાર રસીકલાલ વીઠલદાશ
૧ મજમુનદાર અમરતલાલ હરીવલભદાસ હાલ. જીશુજના માસ્તર

ભાદરવા
૫ રા. રા. નાથાલાલ બાપુજી
૧ રા. રા. મગનભાઇ મોતીભાઇ
૧ રા. રા. અમરતલાલ ગોરધનદાશ

બાપાવાળા
૧ રા. રા. નાથાલાલ ગીરધરદાસ
૧ શા. કેશવલાલ છગનલાલ
૧ શા. કેશવલાલ દામોદરદાસ

અમદાવાદ
૧ રા. રા. અમરતલાલ દામોદર
૧ રા. રા. પરસોતમ છગનલાલ

સુરત
૧ શા. ભુખણદાશ હરગોવનદાશ

ખંભાત
૧ શેઠ મગનભાઇ ડાહ્યાભાઇ
૧ બારોટ મુલજી હીમતસીંગ

વડોદરા
૧ વકીલ છોટાલાલ કીલાભાઇ

નારગામ
૧ વોહોરા ભુલાભાઈ રશુલભાઈ
૧ શા. ચુનીલાલ રગનાથ

પેટલાદ
૧ અંબાલાલ સદાશીવ મુખીયાજી

જાહેર ખબર.

વીવાહ ટાણે ગાવાનાં નિતીજ્ઞ ગીતો.

સર્વે સુધરેલ સોખીન સમજુ આર્ય સદ્‌ગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે અમારા તરફથી થોડી મુદ્દતમાં સ્ત્રીઓને વીવાહ વીગેરે માંગળીક સમયે ગાવા લાયક નીતીગ્નાન અને ઉપદેશી ગીતો છપાઇ બાહાર પડનાર છે માટે જેને ગ્રાહક થવાની ઇચ્છા હોય તેમણે પોતાનું નામ ઠામ લખી જણાવવું. કીંમત ત્રુજ. એક આનો આ બને પુસ્તકો નીચે લખેલે ઠેકાણેથી મળી શકશે.

તારાપુર. ચુનીલાલ બાપુજી. તલાટીવાલા.
ખંભાત. મણિલાલ બક્કોર. માસ્તર ઠે. લાંબીઓટીમાં
પાદરા. શાહ છોટાલાલ પીતાંબરદાસ. ઠે. દલાલનાફળીઆમાં
પાદરા. શાહ ચુનીલાલ પરશોતમદાસ ઠેકાણું બજારમાં